**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦ આજીવન ૨૫૧-૦૦

વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Ma from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## ✿ અનુક્રમણિકા ✿


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| વિદેશમાં પૂ. માના જન્મદિનની ઉજવણી | રાજુ યાત્રી | ૧૧ |
| સંસ્કારોનું સન્માન | કલ્યાણ | ૧૫ |
| અદ્ભુત શાન્તિ | નારાયણ હ. જાની | ૧૮ |
| સર્વરોગ નિદાન–યજ્ઞ | સ્વર્ગારોહણ સેવક | ૧૯ |
| નિદાનયજ્ઞના કાર્યક્રમની સાથે સાથે | ડો. બી. જે. જાગાણી | ૨૪ |
| નિદાન–ચિકિત્સાયજ્ઞ–મારી નજરે | ડો. ભરતભાઇ, મુંબઇ | ૩૩ |
| સર્વરોગ નિદાનયજ્ઞ પ્રતિભવોનું સંકલન | સ્વર્ગારોહણ સેવક | ૩૮ |
| શ્રી નયનાબેનના જન્મદિનની ઉજવણી | નારાયણ હ. જાની | ૪૨ |
| વિદ્યાર્થીઓની પ્રશ્નોત્તરી | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૪૮ |
| બી.એડ.કોલેજના વિદ્યાર્થીઓની સાથે સાથે | નારાયણ હ. જાની | ૫૪ |
| પૂ. માના સાન્નિધ્યમાં સત્સંગનું શિક્ષણ | કલ્યાણ | ૫૩ |
| ૧૮ માર્ચ–સાધનાનો સરસ દિવસ | તંત્રી | ૫૭ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |


### ★ ભક્તિસુધા ★

લોકલાજ–કુલલાજ–ભય, ત્યજી માનની આશ;
પ્રભુભક્તિ નિશદિન કરે, પામે પદ અવિનાશ. ૧
ભક્તિમાર્ગમાં પગ ધરી, ડરે લોકથી જેહ;
ગણો ન સાચો ભક્ત તે, કાયર કહીએ તેહ. ૨
ચોપાટ માંડી ભક્તિની, ધરી શીશનો દાવ;
પ્રેમી ખેલે હોંશથી, બીકણનો ન નભાવ. ૩

**મહારાજ શ્રીનથુરામશર્મા**

## ❃ અભિનંદનીય સહાય ❃

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું 'અધ્યાત્મ' માસિક અમને ૨૫ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

–શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર
ટોરન્ટો, કેનેડા.



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
–મા સર્વેશ્વરી

વર્ષ : ૨૬ એપ્રિલ–૨૦૦૫ અંક ૭

# શ્રી યોગેશ્વર કથામૃત

–મા સર્વેશ્વરી

**તા. ૧૦–૧૧–૮૧ મંગળવાર, કારતક સુદ તેરસ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટા આના, અમેરિકા.**

લોસ એંજલસ લગભગ ૬૦ માઈલના ઘેરાવામાં પથરાયેલું છે. એનો જ એક ભાગ તે સાન્ટાએના. અને એની મેઈન સ્ટ્રીટ ઉપર પૂ. શ્રીનો ઉતારો. જેનું નામ 'આલોહા મોટલ.' મોટલ-નો ૧ ને ૨ નંબરનો ઓરડો પૂ. શ્રીનો ઉતારો.

**MAHATMA YOGESHWARJI**

Gujarati Saint Mahatma Yogeshwarji of the Gujarat State, India is visiting Los Angeles, on 8th Nov. 1981 from Canada via New York.

Maa Sarveshwariji is the true disciple is with Mahatma Yogeshwarji. She has written 51 Bhajans and they are just published as

"Arghya."

The first Satsang of Mahatma Yogeshwarji and Maa Sarveshwariji was at the home of Mr. & Mrs. Chhaganbhai B. Bhakta on November 9, 1981 at 7:30 p. m. Over 100 people attended this "Satsang."

Shree Yogeshwarji comes from Saroda–a village near Ahmedabad, India. Born on 15th August, 1921 in a religious family of Brahmin in Hindu. Right from childhood, Shree Yogeshwarji had ardent inclination for the Path Divine. He always cherished the ambition to lead the nations to spiritual prosperity and the True Bliss of happiness and so he determined to follow the path of Sages. So he went rightaway to High Himalaya, where as God-ordained shelter at Rhishikesh in the Ashram of Shree Shivananda Swami. Then to Devaprayag on top of Dashrathachai Hill and practiced with strictest of austerities observing fasts, silence, sleeplessness and Transcendental stances of Yoga–Samadhi for many many years.

After seven long years he succeeded in visualising God Incarnate :

His presence among Sadhakas–Spiritual aspirants makes them feel so tranquil, insti-



lling enthusiamsm with his simplicity and an Aura of True Sage wih imparting manner of the Oriental Rishi.

His life and devotion to his mother tounge GUJARATI, in which he has written more than 80 books–full of true Nectar and redolent with cultures of ancient Vedas, Upnishadas, Bhagwad–Gita, Brahma Sutra and Patanjal Yog–Sutra.

"Prakash Na Panthe" and other books must be read. I recommend all these publications and the monthly "Adhyatma" for reading.

પૂ. શ્રી આજે સવારે સમયસર મંત્રજપ, લેખન શરૂ કરે છે. વચ્ચે દૂધ લે છે. આજે રામાયણના 'લંકાકાંડ'ના આરંભના શ્લોકોનું ગુજરાતી કાવ્યમાં ભાષાંતર કરી પૂ. શ્રી તે પ્રેમપૂર્વક ધીમેથી ગાય છે. સમયસર પોતાનું લેખન બંધ કરે છે.

સાડા અગિયારે પૂ. શ્રી સર્વેશ્વરી અને શ્રીઈશ્વરભાઇ આ મોટલની આસપાસ એક આંટો ફૂટપાથ ઉપર લગાવે છે. ઈંગ્લેન્ડ ને કેનેડા કરતાં અમેરિકામાં થોડી અસ્વચ્છતા જણાય. જો કે અહીં રાત્રે ગાડીમાં મુકાયેલા મોટા બ્રશ ને મશીનવડે રસ્તા ઉપર તે બ્રશ ફરે જેથી કચરો સાફ થઇ જાય છે. અહીં ઘરો છૂટાં છૂટાં જોવા મળે છે. વળી થોડાં વૃક્ષો ને ગુલાબ વગેરે ફૂલોનું સૌંદર્ય પણ જોવા મળે છે. અહીંની ટપાલ પેટીઓ કેનેડા જેવી હોય છે. ઈંગ્લેન્ડ ને ભારતની ટપાલ પેટી એકસરખી જ જોવા મળી. આ મોટલથી થોડું આગળ જઇએ એટલે એક બેન્કનું મકાન આવે છે. ત્યાં જે ટપાલ પેટી હતી તે પૂ. શ્રીએ

અમને ખાસ બતાવી.

ત્યાર પછી ઉતારાની સામે પરિવારના નિવાસસ્થાને ગયા. ત્યાં બેઠકરૂમમાં પૂ. શ્રી બેઠા. આજે થોડી બીજી વાતો થઇ. પૂ. શ્રીએ માતાજી ઉપર લખેલાં ત્રણ ગીતો ગાઈ સંભળાવ્યાં. કંચનબેન, ભગવાનજીભાઇ, ઈશ્વરભાઇ બેઠા હતા. આજે ભોજનમાં દાળઢોકળી, ભાત પૂ. શ્રીએ લીધા. પૂ. શ્રીનો જ્યાં ઉતારો છે ત્યાં જ નીચે ચાદર પાથરીને ભોજન લેવાનું બને છે.

આજે ભોજન લેતા પહેલાં શ્રી ભગવાનજીભાઈના એક સ્વજનની ગંભીર માંદગીની વાત જાણવા મળી. તે દરમ્યાન પૂ. શ્રીએ સર્વેશ્વરીને કહ્યું, 'મા જગદંબા કહે છે કે બચવાની આશા નથી.' અને સાચે જ ત્રણ વાગ્યે તે સ્વજનના મૃત્યુના સમાચાર આવ્યા! સંતોને કાળ ને સ્થળના બંધન નથી. જેથી તે એ બધી વાતો જાણી શકે તે સ્વાભાવિક છે. એ શક્તિની બક્ષીસ પાછળ ઉગ્ર સાધના રહેલી છે.

પૂ. શ્રીએ ગઈકાલે જ એક બેનની માગણીથી તેમને આ માંદગી ભોગવતા સ્વજન માટે એક ફળ આપ્યું હતું પણ તે બેને કહ્યું કે, 'આજે તો હોસ્પીટલમાં પહોંચાડી શકાય તેમ નથી.' પૂ. શ્રી સાથે સાંજે શ્રી કંચનબેને વાતો શરૂ કરી જેમાં આ પ્રસાદના ફળની ચર્ચા થઇ.

પૂ. શ્રી : એ ફળ જો એને પહોંચાડવામાં આવ્યું હોત તો રક્ષા થાત. પણ મૃત્યુનો યોગ હોય જેથી તે ફળ તેમની પાસે ન પહોંચ્યું. એ ફળ આપતી વખતે મારી ભાવના હતી કે તેને કંઇક મદદરૂપ થાય. પણ હવે એ વાસના રહેવાની જ. તેને ભોગવવા દુર્ગતિ જ થાય. વાસના હોય એટલે જેના ઉપર તેને પ્રેમ હોય અથવા જેઓ તેના ઉપર પ્રેમ વિશેષરૂપે રાખતા હોય તેને તેને તે હેરાન પણ કરે. આ રીતે મૃત્યુ પામનાર જીવ



પ્રેતયોનિ પ્રાપ્ત કરે.

શ્રી કંચનબેન : પ્રેતયોનિમાં ફરતો જીવ કેમ કોઈના શરીરમાં પ્રવેશે?

પૂ. શ્રી શરીરમાં દાખલ થવું ને શરીરમાંથી નીકળવું તેના હાથની વાત નથી. સંસ્કાર પૂરા થાય એટલે તે તે શરીરમાંથી નીકળી જ જાય.

શ્રીકંચનબેન : જીવ પોતાના કર્મોને લીધે દુર્ગતિ પામે?

પૂ. શ્રી : વાસના, ઇચ્છા ભોગવાય પછી જ તે છૂટે ને બીજે જન્મ લે. મૃત્યુ પછી જીવની અવસ્થા તે પ્રેતાવસ્થા. જેમ માણસો સારા પણ ને ખરાબ પણ છે, તેમ કેટલાક પ્રેતો સારા પણ ને કેટલાક વળી ખરાબ પ્રેતો પણ હોય છે.

આટલા વાર્તાલાપ પછી આજે ૫:૩૦ થી ૬:૦૦ ધ્યાનમાં બેસવાનો કાર્યક્રમ હતો. જેથી શ્રી ઈશ્વરભાઇ, શ્રી હીરાભાઇ એમનાં પત્ની તથા શ્રીકંચનબેન પણ આજે ધ્યાનમાં બેઠાં. પૂ. શ્રીએ ધ્યાનની થોડી સમજ આપી. ધ્યાન પૂરું થતાં એકાદ બે પ્રશ્નો કંચનબેને પૂછ્યા.

પ્રશ્ન : ધ્યાનમાં એક જ સ્થાન એક જ આસન ને એક જ કપડાં જરૂરી છે?

પ્રશ્ન : ધ્યાનમાં બેસીએ ત્યારે જે કપડાં પહેરીએ તેને ધોવાનાં નહીં? ધૂએ તો ગુરુના પવિત્ર પરમાણુઓ નાશ પામે એ વાત સાચી?

પૂ. શ્રી : શરૂઆતના સાધકો માટે ધ્યાન માટે સ્થાન પવિત્ર, આસન સ્વચ્છ ને કપડાં પણ સ્વચ્છ જરૂરી છે. પણ કપડાં ગંદા થાય કે આસન ગંદુ થાય તે પણ તે ધોવાનું નહીં તે વાત યોગ્ય નથી. એ બધી વાતોમાં આપણે વિવેક કરવાનો રહે

છે. ગુરુના પવિત્ર પરમાણુ એવા તકલાદી ન હોય કે તે સાબુ, પાણીથી ધોવાઈ જાય! ગુરુના સંકલ્પ માત્રથી તે પરમાણુઓ તો કામ કર્યા કરે.

ધ્યાનની બેઠક પછી કેનેડા ફોન કરવામાં આવ્યો. ત્યાર પછી પ્રવચન સ્થળે જવા નીકળ્યા. સાન્ટાએનાથી ૨૫ માઈલ દૂર પીકોરીવેરા નામના પરામાં ટ્રાવેલ લોજ, ૭૨૨૨, રોઝમન્ડ બુલેવાર્ડમાં આજે પ્રવચન હતું.

પ્રવચન સ્થળે લાલ રંગની ચાદરોવાળી બે બેઠકો તૈયાર હતી. પૂ. શ્રીએ સોફા ઉપર પોતાની બેઠક લીધી. સર્વેશ્વરી તેની પાસેની બેઠક ઉપર બેઠાં. ફૂલહારથી સ્વાગત થયું. પછી ભેટનું કવર સર્વેશ્વરીને આપ્યું પણ એ પ્રેમપૂર્વક પરત કર્યું. આજે શ્રોતાઓ પ્રમાણમાં ઠીક હતાં. ગઈકાલે પ્રવચનમાં હાજર રહેનાર શ્રોતાવર્ગ આજે મૃત્યુના પ્રસંગે ત્યાં રોકાયો હતો.

આજે પૂ. શ્રીએ 'પ્રાર્થના એ સાધના છે' એ સમજાવી પ્રાર્થના પ્રભુ સાંભળે છે એના ચાર પ્રસંગો પ્રવચનમાં વણી લીધા. પ્રવચન બાદ સર્વેશ્વરીએ ત્રણ ભજનો ગવડાવ્યાં. કાર્ય-ક્રમ પૂર્ણ થયો. પ્રસાદ વિતરણ થયું.

ઈંગ્લેન્ડમાં કાગળમાં પ્રસાદ વહેંચાતો, કેનેડામાં કાગળની ડીસોમાં પ્રસાદ અપાતો અને અમેરિકામાં પ્લાસ્ટિકની વાડકી જેવી ડીસોમાં પ્રસાદ વહેંચાતો જોવા મળ્યો. ઈંગ્લેન્ડ, અમેરિકા ને કેનેડામાં જ્યાં જ્યાં જવાનું થાય તે તે ઘરો પવિત્ર આહાર–વિહારવાળા હશે કે નહીં તે જાણવા ન મળે. પરિણામે મંદિરો સિવાય ખાસ કોઈ જ ઘરે પ્રસાદ લેવાનું ન બને. પ્રસાદ સ્વીકારવામાં આવે પણ તે વળી કોઈકને આપી દેવાનું બને. જેથી પળાય એટલી રીતભાત પાળી શકાય છે.



ફરીથી ૨૫ માઈલનું અંતર પસાર કરીને ઉતારાના સ્થળે આવી ગયાં. પૌંઆબટાકા ને દૂધફળનો અલ્પાહાર લીધો. ત્યાર બાદ શ્રી કંચનબેનને આજે ડાયરીનું એક પાનું અને શ્રી કૈલાસ-બેન, આશા વગેરેના અનુભવો કહી સંભળાવ્યા. બાદ આરામ.

અમેરિકાનો ત્રીજો દિવસ આ રીતે પરિસમાપ્તિ ઉપર પહોંચ્યો. ભૌતિક સુખસગવડ ઘણી. મોટલના વિશાળ સ્થાનમાં બધી જ સગવડ. અહીં પીવાનું પાણી ખાસ ઝરણાનું લાવવામાં આવે છે. તે પાણી ખૂબ મીઠાશવાળું હોય છે. તે સ્ટોરમાં પ્લાસ્ટિકની મોટી બરણી જેવા વાસણોમાં મળે છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

ભગવત્પ્રાપ્તિનો સરળ અને સહજ માર્ગ સ્મરણ, સમર્પણ કે શરણાગતિનો છે તેનો આશ્રય લેવામાં કાંઈ મુશ્કેલી નથી, છતાં લોકો તે કેમ લેતા નથી તે આશ્ચર્ય છે. —યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૮૨૪૭૦૪૦૯૭

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

### વિદેશમાં પૂ. માના જન્મોત્સવની

# એક અનોખી ઉજવણી

રાજુ યાત્રી

નૂતનવર્ષનું પર્વ સાથે સાથે પૂ. માના જન્મદિન પણ ૧૩ નવેમ્બર–૨૦૦૪. સૌના માટે આ સુભગ સમન્વય ન્યુ જર્સી, અમેરિકાના સત્સંગીઓ માટે પણ ઉજવણીનો દિવસ જ હોય ને!

આ ઉજવણી અમેરિકાના ન્યુ જર્સીમાં શ્રી વિનોદભાઇને ત્યાં, જે ન્યુ જર્સી ખાતે પૂ. માનો નિવાસ પણ છે, ત્યાં ઉજવવામાં આવી.

મહિના પહેલાંથી શ્રીસરોજબેને સૌને તે માટે ફોનથી ઉત્સવની તૈયારી કરવાની જાણ કરી હતી. દરેક સત્સંગીઓને મન આ એક અનેરો ઉત્સવ હતો. સૌને હતું કે જેમ અન્ય મંદિરોમાં પ્રભુ–પ્રાકટ્ય અને નૂતનવર્ષે જેમ અન્નકૂટનો પ્રસાદ ધરાવી ઉજવાય છે. તો પછી આપણા પરમ પ્રભુ અને પૂ. માને પણ આપણે અન્નકૂટનો પ્રસાદ ધરાવી આપણા મનોરથ શા માટે પૂર્ણ ના કરીએ?!

ન્યુ જર્સીનું આ ધામ એ અમેરિકામાં વસતા સૌ માટે ઉત્તમ મંદિર છે. કેનેડાથી ન્યુ યોર્ક તરફ જો કોઇ ભક્તને આવવાનું થાય તો તેઓ પણ આ મંદિરે દર્શન કરવા અચૂક આવે છે! કારણ પૂ. માએ સ્વયં કહ્યું છે કે, ‘અમે સ્થૂળ સ્વરૂપે અહીં હાજર ન હોઇએ તોપણ સૂક્ષ્મ સ્વરૂપે અહીં કાયમ હાજર હોઇએ જ છીએ.’ પૂ. મા–પ્રભુની પ્રવૃત્તિઓથી ધબકતા આ મંદિરમાં સૌને આવવાનું બેસવાનું, અરે! રહેવાનું પણ ગમે છે.



જેમ ભારતમાં દરેક કેન્દ્રની એક વિશેષતા છે તેમ વિદેશમાં પણ ન્યુ જર્સી કેન્દ્રની વિશેષતા છે. તેનો યશ પૂ. મા–પ્રભુના યજમાન શ્રી વિનોદભાઇ પરિવાર અને આવા પર્વ–વિશેષને એક સાથે ઉત્સાહથી ઉજવનારા ભક્તગણને જાય છે.

આ વર્ષે આ પર્વની ઉજવણી પૂ. મા–પ્રભુને અન્નકૂટ ધરાવીને કરી. સૌને સમય મર્યાદા તો નડતી જ હોય! ઉપરાંત લાંબા લાંબા અંતરે રહેતા સૌને એક જ સમયે એક સાથે ભેગા કરી આ પર્વની ઉજવણી કેવળ શ્રદ્ધા અને ભક્તિ જ માગી લે છે. તેવી જ રીતે આ ઉત્સવની ઉજવણીમાં કોઇને કોઇ વિઘ્ન ના નડ્યું.

શ્રી સરોજબેને સૌને અગાઉથી દરેકને પોતાની અનુકૂળતા પ્રમાણે એક વાનગી બનાવવાની વાત મૂકી હતી. સૌએ તે વધાવી લીધી. દરેકે પોતાને અનુકૂળ એવી વાનગી તેમને લખાવી દીધી.

૧૩ નવેમ્બર, ૨૦૦૪ ના રોજ ‘ૐ મા’ નામના આ સ્થાનમાં અદ્‌ભુત ઉત્સવનું દર્શન થયું. સૌ સમયસર આવી ગયા. પૂ. મા પ્રભુના સ્વરૂપ આગળ એક પછી એક વાનગીઓ આવવા-ની શરૂ થઇ. કુલ ૧૦૮ જાતની સામગ્રી પૂ. મા–પ્રભુને અન્નકૂટમાં ધરાવવામાં આવી. આ પરથી અંદાજ આવશે કે ભક્તોનો ભાવ કેવો હતો! આમ તો આ ન્યુજર્સી અને તેના આજુબાજુના નજીકના રાજ્યોમાંથી આવતા ભક્તોની ગણતરી કરીએ તો ૩૦–૩૫ કુટુંબો નિયમિત સત્સંગનો લાભ લેતાં હોય છે. તેમ છતાં પણ ૧૦૮ વાનગીઓ ઉપરાંત અનેક જાતની મીઠાઇઓ તો અલગ! સૌને એમ થતું હતું કે એક જ વાનગી શા માટે? ચાલો, બીજું કંઇ પણ બનાવી લઇ જઇએ.

આ એક અદ્‌ભુત દશ્ય હતું. કારણ એ કે મને તે વાનગી-ઓમાં માત્ર અન્ન નહીં, પણ ભક્તોનો ભાવ નજરે ચડતો હતો અને તેમાં પૂ. પ્રભુની ખીચડીથી માંડીને પૂ. માની ભેળ સહિત સૌનો સમાવેશ થતો હતો. ભાત–ભાતનાં શાક અને પકવાન સહિત સૌ પોતાના ભાવ તેમાં ભેળવીને લાવેલા. આ મંદિરોમાં થતો અન્નકૂટ ન હતો, અરે, આ તો ભક્તોના ભાવનો કૂટ–ઢગલો હતો.

આ પર્વની એક વધુ વિશેષતા તો એ હતી કે તે સઘળી સામગ્રીને જે રીતે શણગારવામાં આવી હતી તે જોતાં આ નાના અમસ્તા મંદિરમાં મહોત્સવનો માહોલ ઉભો કરી દીધો. સર્વ સામગ્રી વચ્ચે બહેનોએ દીપકની હારમાળા પણ મૂકી દીધી. સુંદર એવી આ ગોઠવણી અને જેમ બાળકૃષ્ણને થાળ ધરાવ્યો હોય તેમ નાના નાના વાડકાઓમાં ધરાવેલી આ પ્રસાદી જાણે એક અનોખી રંગોળી પૂરી હોય તેવી લાગતી હતી!

દૂર દૂરથી આવતા ભક્તો પણ આ પર્વની અને નિયમિત સત્સંગની વિશેષતા છે. માઇલોનાં અંતર કાપી તેઓ અચૂકપણે સમયસર હાજર થઇ જાય. શ્રી ચંદ્રકાંતભાઇ અને અનસૂયાબહેન છેક બોસ્ટનથી સાડા–ચાર–પાંચ કલાકનું ડ્રાઇવીંગ કરીને કાયમ જ હાજર હોય, તો વળી ન્યુ જર્સી રાજ્યમાં રહેતા ઘણા એવા ભક્તો છે જેઓ બે–અઢી કલાકનું ડ્રાઇવીંગ કરીને અહીં પહોંચે છે. આ બધાની પાછળ પૂ. મા–પ્રભુ તરફનો તેમનો પ્રેમ અને પૂ. માનો અહીં વસતા સૌ પ્રત્યેનો નિર્વ્યાજ પ્રેમ જ કામ કરે છે. કોઇને તેની ફરિયાદ નથી!

આરતીએ અમને સૌને આશ્ચર્યચકિત કરી દીધા. એણે કેલગરી શિબિરમાં પૂ. માને જાણી લીધાં હોય તેમ પૂ. માના આ



જન્મદિને તેણે પૂ. માના સુંદર સ્વરૂપ સાથેના બે મોટા અભિનંદન કાર્ડ બનાવેલાં. વિવિધ રંગોથી લખેલું અને તેની ઉપર ઝરી લગાવીને બનાવેલા પૂ. માને અભિનંદતાં એ કાર્ડ તેનો પૂ. મા પ્રત્યેનો ભાવ, પ્રેમ અને શ્રદ્ધાના પ્રતીક હતાં. હાથે બનાવેલા આ કાર્ડ માટે એણે કેટલી મહેનત કરી હશે તે તો જોવાપરથી જ લાગે. આટલી નાની ઉંમરે ટી. વી., ઇન્ટરનેટ, રમત–ગમતમાં સમય વ્યય કરવાને બદલે પૂ. મા તરફ પોતાના ભાવોને વ્યક્ત કરવા માટે આટલો બધો સમય આપ્યો તે તેના માટે તો તપ જ ગણાય ને! ધન્યવાદ–પૂ. માને–જેણે એ બીજ રોપ્યાં, અને ધન્યવાદ આરતીને જેણે એ બીજને પોતાની શ્રદ્ધાનું પાણી પાઇને ઉછેર્યાં.

૧૯૯૪ માં વડોદરામાં પૂ. માના જન્મદિને પૂ. માએ આપેલા એ અદ્‌ભુત વક્તવ્યની વિડીયો કેસેટ જોઇ. ભજન–ધૂન અને પૂ. પ્રભુનો કેનેડા ખાતે રેડિયો પર પ્રસારિત થયેલો નવા વર્ષનો સંદેશો પણ સાંભળ્યો.

અંતે સૌએ આ અન્નકૂટની પ્રસાદી લીધી. નામી–અનામી અનેક ભક્તોએ આ મહોત્સવની તૈયારી કરી ઉજવ્યો અને માણ્યો. પૂ. મા પ્રત્યેના અંતરના સાચા ભાવ–ભક્તિનું એ પરિણામ હતું.

# સંસ્કારોનું સન્માન

કલ્યાણ

મન રહે મોકળાં, હૃદય ખુલ્લા રહે,
હે હરિ, તારી નમ્રતા દે!
હે પ્રભુ, ધાય વ્હારે તું જ્યારે ખરે,
થઇ રહે માનવી નમ્ર છેક.
...નમ્રતાના નિધિ હે.

મનને મોકળાં રાખીને, હૃદયને ખુલ્લાં રાખીને નમ્રતાના નિધિ જેવાં પૂ. શ્રી મા સર્વેશ્વરી સૌને સ્વર્ગારોહણના આંગણે નિમંત્રતાં, પ્રેમાતુર નયને સ્વર્ગારોહણની અટારીએ સમગ્ર વિશ્વના બાળકોની રાહ જોઇ રહ્યાં છે!

તા. ૧૮–૨–૦૫ ના રોજ બનાસકાંઠા વિસ્તારના ૮૫ બ્રહ્મબટુકોને યજ્ઞોપવીત અર્પણ કરવાનો વિધિ જ્યારે અંબાજી-માં નક્કી થયો, ત્યારે પૂ. શ્રી માએ ૮૫ બ્રહ્મબટુકોને અને ત્યાં મળેલા બ્રહ્મસમાજને સ્વર્ગારોહણની પાવનભૂમિમાં પ્રેમપૂર્વક નિમંત્ર્યા.

સ્વર્ગારોહણ લોકસેવાની વિવિધ પ્રવૃત્તિઓનું કેન્દ્ર પછી છે, એ પહેલાં સ્વર્ગારોહણ એક સંસ્કારધામ છે. અહીં પૂ. શ્રી મા બાળકોના સુસંસ્કારોનું ઘડતર કરી રહ્યાં છે. સંસ્કારોના ઘડતર-ની, સંસ્કારોના માવજતની અને સુસંસ્કારોની નીપજ પ્રવૃત્તિઓ પૂ. શ્રી માને ખૂબ જ ગમે છે. એટલે જ્યારે બ્રહ્મબટુકોને યજ્ઞો-પવીત સંસ્કારવિધિની વાત માએ જાણી તો સૌને સ્વર્ગારોહણ-ના આંગણે નિમંત્ર્યાં.



આમેય પૂ. શ્રી માને સંસ્કારપોષક પવિત્ર વાતાવરણ ખૂબ જ ગમે છે. વેદની ઋચાઓનો ઘોષ થતો હોય, ગંગાજીનો પવિત્ર તટપ્રદેશ હોય, બ્રહ્મવેત્તાઓ પવિત્ર પોષાકો પહેરીને વેદમંત્રોનું ગાન કરતા હોય એવા પવિત્ર વાતાવરણનું સર્જન કરતા અનેક કાર્યક્રમો માએ ગંગાતટપર યોજ્યા છે. અને તે ભારતીય આધ્યાત્મિક સંસ્કારોની સુવાસ પ્રસરાવતા પાવન-પ્રસંગોમાં સતત પધારતાં રહ્યાં છે. તો અહીં અંબાજીમાં જ્યારે ઘરઆંગણે યજ્ઞોપવીત સંસ્કાર આપવાનો પ્રસંગ ઉપસ્થિત થયો તો પૂ. શ્રી માએ સંસ્કારોને પોષ્યા વિના કેમ રહે? ૮૫ બ્રહ્મ-બટુકો સહિત સમગ્ર બ્રહ્મસમાજને પૂ. શ્રી માએ સ્વાર્ગારોહણ-ના આંગણે નિમંત્ર્યા.

સકલ બ્રહ્મસમાજ જ્યારે સ્વર્ગારોહણનાં આંગણે પધાર્યા ત્યારનું વાતાવરણ ખરે જ દિવ્ય હતું. સ્વર્ગારોહણના દરવાજે-થી જ તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. માથે મુંડન, છાતીપર યજ્ઞોપવીત, હાથમાં દંડ અને કેસરવર્ણા ધોતીના પવિત્ર પોષાકમાં શોભતા બ્રહ્મબટુકો જ્યારે પૂ. શ્રી માના આસન આસપાસ ગોઠવાયા ત્યારે જાણે પરમધામમાં નારદજી, શુક-દેવજી, ઉદ્ધવજી અને હનુમંતપ્રભુ જેવા મહાપ્રભુના પાર્ષદો વિહાર કરતા હોય તેવું અલૌકિક દૃશ્ય ખડું થઇ ગયું!

આજે સ્વર્ગારોહણમાં કોઇ વક્તવ્યો આપવાનો કાર્યક્રમ ન હતો. ફક્ત આ પવિત્ર વાતાવરણને માણવાનો જ એક પાવન કાર્યક્રમ હતો! આજના કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે આજે યજ્ઞોપવીત સંસ્કાર ધારણ કરતા સૌ બટુકો પોતાના જીવનમાં પ્રભુપ્રેમના સંસ્કારો આત્મસાત્ કરે અને દરરોજ વહેલા ઊઠીને, પ્રાર્થના, પ્રણામ, જપ, ધ્યાન, સંધ્યા, પ્રાણાયામ જેવા સંસ્કાર-

ઘડતરના કાર્યક્રમો જીવનનો એક ભાગ બનાવે. અને પ્રભુ-પ્રેમના સંસ્કારોથી જીવન શોભી ઊઠવું જોઈએ.

સ્વર્ગારોહણના આંગણે પધારેલા સૌ બટુકો પૂ. શ્રી માએ આવકાર્યા, સત્કાર્યા અને નવાજ્યા પણ ખરા! પૂ. શ્રી માને પોતાની પાસે આવેલાં બાળકોને 'શું શું આપી દઉં' તેવા ભાવ ઊભરાતા અંતરમાં ક્યાંય હર્ષ સમાતો નથી! દરેક બટુકોને પૂ. શ્રી માએ શાલ, ટ્રે, પ્યાલો, નોટબુક, પેન, વાર્તાનું પુસ્તક, પૂ. શ્રીનું જીવનચરિત્ર, માળા, સરળગીતા, વિષ્ણુસહસ્ત્રનામ, શિવ-મહિમ્નસ્તોત્ર, વંદે સદાશિવની કેસેટો, પ્રસાદમાં બિસ્કીટ, ચોકલેટ, ચીકી અને આઈસ્ક્રીમ આપ્યાં. છેલ્લે રૂા. ૧૦૭ દક્ષિણા પણ આપી.

પૂ. શ્રી માના આ સંસ્કાર સત્કારથી સકલ બ્રહ્મસમાજ ખૂબ જ પ્રસન્ન થયો. સૌના અંતરમાં એક જ ભાવ ઉભરાતો હતો કે પૂ. શ્રી માના આદરભર્યા સંબોધન સિવાય સંબોધી શકાય નહીં! 'મા' ખરેખર 'મા' જ છે. ખરાં 'મા' છે.

કાર્યક્રમના અંતે પૂ. શ્રી માએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ભવિષ્યમાં જ્યારે પણ યજ્ઞોપવીત સંસ્કાર આપવાના કાર્યક્રમનું આયોજન થાય ત્યારે ત્યારે સૌને સ્વર્ગારોહણના આંગણે સત્કારવાની તક આપજો.

મા કેવાં નમ્રતાનાં નિધિ! સૌને નમ્રભાવે અપનાવે. મા કેવાં નમ્રતાનાં નિધિ બનીને દીન દુખિયાંની ઝૂંપડીએ જાય છે. અને પોતાની ઝૂંપડીએ નિમંત્રે છે.

દીન દુખિયાં તણી હીન કુટિયા મહીં,
નિવસતાં નમ્રતાના નિધિ હો,
આપને પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.



# અદ્ભુત શાન્તિ

નારાયણ હ. જાની

**આ કાર્યક્રમ અદ્ભુત તો એટલા માટે લાગ્યો કે આજ લોકો—હજારથીયે વધારે. યજ્ઞોપવીતના સ્થળ પર હતા, ત્યારે માઈક ઉપર સતત સૂચના-ઓ અપાતી રહેતી ''શાન્તિ જાળવો, અવાજ ને ઘોંઘાટ ના કરો.''**

**પરંતુ આજ લોકો સ્વર્ગારોહણમાં પધાર્યા અને જાણે પોતાની મેળે જ શાન્ત થઈ ગયા! કેવું કહેવાય! કોઈને કોઈ સૂચના જ ના આપવી પડી. છતાં બધાંએ જ જાણે વાણી ગૂમાવી દીધી ના હોય એવી નીરવ શાન્તિ. શું પૂ. માના મૌનનો જ એ પ્રભાવ કે સ્વર્ગારોહણના દિવ્ય વાતાવરણની એ અસર! જે હોય તે. પરંતુ એ ખરેખર એક અદ્ભુત માણવા જેવું—ને જોતાંવેંત જ દિલ અને દિમાગ પર કોતરાઈ ને છવાઈ જાય એવું દર્શન હતું. એક મૌન સંતની કેવળ ઉપસ્થિતિનો કેવો અનેરો પ્રભાવ!**

**આદિવાસી ભાઈબેનોને દવા સાથે દુવા ધરનારો**

# સર્વરોગ નિદાન—યજ્ઞ

**સ્વર્ગારોહણ સેવક**

સ્વર્ગારોહણની પવિત્રતીર્થ ભૂમિ પર પૂ. શ્રી મા સર્વેશ્વરીની પ્રેરણા અને માર્ગદર્શનથી સત્કર્મોની પરબડી પર અંબાજી આસપાસના વિસ્તારના ગ્રામજનો હાશ મેળવી રહ્યા છે. તા. ૬ માર્ચ ૨૦૦૫ ના દિવસે ઓરણા નિવાસી શ્રી મણિબેન ભક્તની સ્મૃતિમાં શ્રી રમણભાઇ ભક્ત અને ભરતભાઇ ભક્તના આર્થિક સહયોગથી વિનામૂલ્ય સર્વરોગ નિદાનયજ્ઞનું આયોજન થયું. લગભગ દરેક રોગોની નિષ્ણાત ડોક્ટરોદ્વારા ચિકિત્સા અંદાજે ૩૨૦૦ દર્દીઓના રોગો માટે કરાઇ. આંખ, ચામડી તેમ જ નાક કાન ગળાના રોગો વિશેષ પ્રમાણમાં જોવા મળ્યા. દરેક દવા સાથે દુઆરૂપે બુંદીનો પ્રસાદ પામ્યા. મોટાં સત્કર્મો સાથે નાનાં નાનાં અનેક સત્કર્મો જોડાઇ જાય છે. તે પૂ. શ્રી માના આયોજનની વિશેષતા હંમેશા રહી છે. શ્રી મૂકેશ-ભાઇ તન્ના, અરુણાબેન ઠાકર, તરલાબેન દેસાઇ વગેરેના સહયોગની સૌ ઉનાળાની બપોરની ગરમીમાં લીંબુના સરબતના પ્રસાદદ્વારા ઠંડક પામ્યા.

સંકીર્તન સાથે પૂ. શ્રી સવારે ૯—૨૫ મિનિટે પધાર્યા ત્યારે સૌ ભક્તોએ ઉભા થઇ પૂ. શ્રી અને પૂ. શ્રી માનું અભિવાદન કર્યું. સ્વર્ગારોહણની ભૂમિપર આયોજીત આઠમા નિદાનયજ્ઞનું દાતાઓના પરિવારજનો શ્રી રમણભાઇ, શ્રી ભરતભાઇ, શ્રી કલાબેન અને ગીતાબેને પૂ. મા સાથે દીપ પ્રકટાવી ઉદ્‌ઘાટન



કર્યું. પૂ. શ્રી માએ શ્રી મણિબેનને યાદ કરી શ્રદ્ધાંજલિ ધરી તો એમના પરિવારજનોએ આવી સુંદર સેવાની તક આપવા બદલ પૂ. શ્રી મા પ્રત્યે તેમની કૃતજ્ઞતા વ્યક્ત કરી.

નિદાનયજ્ઞમાં નિમંત્રિત ડોક્ટરો તેમનું સ્થાન ગ્રહણ કરે તે પહેલાં જ સ્વર્ગારોહણની બંને બાજુએ ૫૦૦ મીટર જેટલી લાઇનોમાં દર્દીઓ ગોઠવાઇ ગયા હતા. કેસ રજિસ્ટ્રેશન આ વખતે બહાર હોવાથી દર્દીઓની સવલત જાળવવામાં અનુકૂળતા રહી. અહીં આસપાસના ૪૦ કિ. મી. સુધીના જંગલની અંદરના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા દર્દીઓ માટે મેઇન ગેઇટની બંને બાજુએ વિશાળ ટેન્ટ ઉભા કર્યા હોવા છતાં કેટલાક દર્દીઓને તડકામાં ઉભા રહેવું પડ્યું. પૂ. શ્રી મા આ મહેમાનોને ગરમી ઓછામાં ઓછી લાગે, તેમનો સમય બગડે નહીં તે માટે સતત માર્ગદર્શન આપતાં રહ્યાં. કાર્યના આરંભે પૂ. શ્રીને પાંચ સામૂહિક પ્રણામ અર્પણ કરી સૌએ કેમ્પની સફળતા માટે પ્રાર્થના કરી.

કેમ્પમાં લગભગ ૩૧ ડોક્ટરો અને ચશ્મા માટેના મદદનીશો સેવા માટે ઉપસ્થિત રહ્યા. આ કેમ્પનું કાર્ય શરૂ થતાં જ સૌ સાધક સેવકો તેમને સોંપાયેલી સેવા પર કાર્યરત બન્યા તો જેમને સેવા નહોતી મળી તેમણે જાતે જ પૂ. શ્રી માના સૂચન પ્રમાણે સેવાઓ શોધી લીધી. બાળકો પણ દર્દીઓને ડોક્ટર સુધી પહોંચાડી આવવામાં ખૂબ ઉપયોગી બન્યાં. નાના મોટા લગભગ ૨૦૦ જેટલા સાધકો ચાર કલાક સતત કાર્યરત રહ્યા. અહીં આવતો દરેક દર્દી પ્રભુનું જ સ્વરૂપ છે તેવા ભાવ સાથે પૂરા આદરસત્કારથી સૌને આવકારવામાં આવતા. તેમના કેસ પેપરોનું નિરીક્ષણ કરી જે તે ડોક્ટર સુધી સૌને મૂકી

આવવામાં આવ્યા, જેથી તેમને ક્યાં જવું, કોને મળવું, તે માટે કોઇ મુંઝવણ ન રહે. સામાન્યતઃ અભણવર્ગ વિશેષ હોવાથી આ કાર્ય તેમને મદદરૂપ બની રહેલું, સેવા માટે આવેલા ડોક્ટરોએ પણ તેમને ખૂબ પ્રેમથી તપાસ્યા.

પૂ. શ્રી મા કેમ્પની મધ્યમાં બેસી દરેક વિભાગમાં થતા કાર્યો સતત જોતાં રહ્યાં. જ્યાં જ્યાં જરૂરી લાગ્યાં ત્યાં સૂચનો આપતાં અને અહીં આવતા દર્દીઓને દર્શન અને દુઆ ધરતાં રહ્યાં. સમયાંતરે સેવા આપતા ડોક્ટરોને લીંબું શરબત પૂ. શ્રી માએ સ્વયં જ પોતાના વરદહસ્તે આપ્યું, જાણે તે દ્વારા સૌને થાકવિના અવિરત સેવા માટેની શક્તિ ધરી દીધી ના હોય પૂર્ણ સન્માન સાથે સૌ એ ગ્રહણ કરતા. ડોક્ટરોની સાથે સાથે આ લાભ સૌ સેવકો પણ પામ્યા.

શ્રી તરલાબેને પૂ. શ્રી માની આસપાસ રહી મુલાકાતીઓ સાથે થતા વાર્તાલાપો સુંદર રીતે નોંધ્યા. લગભગ ૧૧:૩૦ સુધીમાં ૧૦૦૦ દર્દીઓનાં રજિસ્ટ્રેશન થયા છતાં બંને બાજુ-ઓએ દર્દીઓની લાઇન ઘટતી જ ન હતી. છ રજિસ્ટ્રેશન કાઉન્ટર હોવા છતાં ધસારો અવિરત વધતો જ હતો. સૌને ચિંતા થતી કે આજે કેટલાક દર્દીઓ રહી જશે. પરંતુ આ તીર્થસ્થાનના દ્વારે આવેલા કોઇને પૂ. શ્રી મા થોડા નિરાશ થઇ જવા દે? એક ચમત્કાર જ કહી શકાય. તેવી ઘટનાનું દર્શન થયું. તે પછીના દોઢ કલાકમાં જાણે ડોક્ટરોપર લીંબુ શરબતના પ્રસાદે જ અસર કરી હોય તેમ ચિકિત્સા કાર્ય ખૂબ ઝડપી બન્યું. અને લગભગ ૩ કલાક દર્દીઓને વેઇટિંગ માટે ઉભો કરેલો ટેન્ટ જેમાં અંદાજે ૨૦૦ દર્દીઓ બેઠા જ હોય, તે ઝડપથી ખાલી થઇ ગયો! તો બીજી તરફ બહારના બધા જ



દર્દીઓનો ચિકિત્સામાં સમાવેશ થઇ ગયો. ડોક્ટરો તો તેમની રીતે જ કાર્યરત હતા. સૌની સંતોષપ્રદ રીતે પૂર્ણ સમય લઇ ચિકિત્સા કરતા હતા. અમને તો એવું જ લાગ્યું જાણે થોડો વખત પ્રભુએ સમયને થંભાવી દીધો ના હોય!

લગભગ સાડાચાર કલાકની ચિકિત્સા દરમ્યાન ૩૨૦૦ દર્દીઓના રોગોની ચિકિત્સા થઇ અને ૫૮૦ દર્દીઓને જુદા જુદા નંબરના ચશ્માનું વિતરણ થયું. કેમ્પનું કાર્ય પૂર્ણ થતાં જ સંકીર્તન સાથે પ્રભુને તેમના સ્થાને પ્રસ્થાપિત કર્યા.

પ્રતિવર્ષની જેમ સેવા આપનાર ડોક્ટરોને પૂ. શ્રી માના આશીર્વાદ સાથે આર્થિક સહયોગ ધરનાર દાતા શ્રી ભરત-ભાઇના હસ્તે નાનકડો સ્મૃતિ પ્રસાદ, પૂ. શ્રીનું યોગમીમાંસા પુસ્તક, એક બોલપેન (સ્વર્ગારોહણના નામ સાથેની) તેમ જ સેવા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું.

અગાઉ જેમ નોંધ્યું કે દરેક મોટાં સત્કર્મો સાથે નાનાં અનેક સત્કર્મો થતાં રહે છે તેમ આજે પણ પૂ. શ્રી માની પ્રેરણાથી ૭ નાના બાળકો જેમની ઉંમર ૫ થી ૮ વર્ષ વચ્ચેની છે તેમણે પોતાને સૌથી વિશેષ ગમતો એક એક ડ્રેસ કેમ્પમાં આવેલા તેમની ઉંમરના જ જરૂરિયાતમંદ બાળકોને અર્પણ કરી દીધો! પૂ. શ્રી મા નાની નાની વાર્તાઓ દ્વારા કેવી અદ્‌ભુત પ્રેરણાનું સિંચન આ બાળકોમાં કરી સત્કર્મો માટેનાં બીજ તેમના હૃદયમાં કુમળી વયે જ વાવી રહ્યાં છે. તો બે માતાઓ કે જેમનાં બાળકોની ઉંમર ૧ વર્ષથી વધારે નથી તેમણે પણ આવા નાનાં બાળકોને બે બે નવા જ ડ્રેસ તેમના બાળકોના અર્પણ કર્યા.

આ સાત બાળકોને ચાદર અને રોકડ પુરસ્કારદ્વારા જાહેરમાં સન્માનિત કરી પૂ. શ્રી માએ તેમને બિરદાવ્યા.

સત્યપથ અમદાવાદથી સ્વર્ગારોહણની સાયકલ યાત્રાની સ્મૃતિ હજી સૌના હૈયામાં અવિરત ઝલકતી જ રહે છે. પૂ. શ્રી માએ આજના કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત ૨૩ પૈકીની ૨૦ બહેનોને તેમની યાત્રાનું સ્મૃતિ પ્રતિક અર્પવા કર્યું. તો સુકૃતિએ આ કાર્યક્રમના યજમાનો તેમની સ્મૃતિ જીવન પર્યંત સાચવી શકે તે માટે નિદાનયજ્ઞનાં બેનરો તેમના પરિવારજનોને અર્પણ કર્યાં.

સાયકલ યાત્રામાં સહયોગ આપનાર સૌ ભાઈબહેનોને પણ પૂ. શ્રી માનું સ્વરૂપ અને આભાર કાર્ડ પૂ. માના હસ્તે આપવામાં આવ્યું.

કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો તેનો સંતોષ સૌના હૈયામાં હતો.

અપવિત્ર અને અશાંત મન કદી એકાગ્ર બની શકતું નથી. એટલે બાહ્ય અને આંતરિક શુદ્ધિ તેમ જ મનને અશાંત કરતી કામનાઓમાંથી મુક્તિ મેળવ્યા સિવાય, પ્રભુમાર્ગે આગળ વધાતું નથી. —યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩



### સ્વર્ગારોહણમાં સર્વરોગ

# નિદાનયજ્ઞના કાર્યક્રમની સાથે સાથે

ડો. બી. જે. જાગાણી

છેલ્લા કેટલાંક વર્ષોથી સ્વર્ગારોહણતીર્થ સત્કર્મોની સુવાસ ફેલાવનારું તીર્થ બની ગયું છે. એક બાજુ સત્કર્મો માટે આર્થિક સહયોગ ધરનારા મા—પ્રભુના ચરણોમાં સમર્પિત ભક્તો છે, તો બીજી બાજુ ભૌતિક સુવિધાઓથી અભાવગ્રસ્ત લોકો છે. આ બંને વચ્ચે સત્કર્મોનાં પ્રેરક પૂ. મા સેતુ સમાં ઊભાં છે. પૂ. યોગેશ્વરજીએ પોતાના ગ્રંથોમાં સાચા યજ્ઞોની સમજ આપતાં જે કંઈ જણાવ્યું છે તે પૂ. મા આ તીર્થભૂમિપર ચરિતાર્થ કરી રહ્યાં છે.

પૂ. શ્રીએ પોતાની લેખીનીદ્વારા નવી આંખડી આપી છે અને યુગોનાં કષ્ટો કાપવા માટે તે દ્વારા મદદ કરી છે. યજ્ઞો અંગે નવી સમજ આપતાં લખ્યું છે કે, ‘દુનિયામાં હજારો દરિદ્ર છે, ભૂખે ટળવળે છે, ને ઘરબહાર વિના ફરે છે, હજારો વિધવાઓ અસહાય દશામાં જીવન ગુજારે છે. કેટલાય વિદ્યાર્થીઓને ભણવું છે પણ પૂરતી આર્થિક મદદવિના ભણી શકતા નથી. કેટલાક તો આશ્રય વિનાના ને અનાથની જેમ ફરે છે ને પાછળથી ચોરી જેવા અનેક ગુનાઓ શીખે છે. ગરીબાઈ તેમ જ અજ્ઞાન ને છૂપી પાપવૃત્તિને લીધે સમાજમાં અનેક દુષ્કર્મો થતાં જોવામાં આવે છે. પેટનો ખાડો પૂરવા હજારો માણસો કોઈ કામની આશામાં રખડે છે. તો બીજા કેટલાય દાંત ને આંખ તેમ જ છાતીના રોગથી પીડાય છે. પેટ ને આંતરડાનાં દર્દોથી રીબાય છે. ગામડાની કેટલીય પ્રજા દવાવિના એમનેમ

બેસી રહે છે. શું કરે? લોકોમાં સાચા જ્ઞાનની કૈંક ભૂખ છે પણ તેમને યોગ્ય આધાર મળતો નથી. કાનનાં દર્દો ને બીજા ભયંકર દર્દો પણ કેટલાય માણસોને ઘેરી વળ્યાં છે.'

'ગરીબ જનતા યોગ્ય ઉપચાર પણ કરાવી શકતી નથી આ બધામાંથી કોઈ એક હેતુને પરિપૂર્ણ કરવા માટે, કોઇ પણ એક અથવા વધારે માણસોને તમે મદદ કરી શકો. તન, મન કે ધનથી સહાયતા પહોંચાડી શકો, તો તમે મહાન યજ્ઞ કર્યો ગણાશે.' આવી સહાય એ પણ એક યજ્ઞ જ છે.

'એટલા જ માટે આજે તો દાંતના રોગીની મફત સારવાર કરવા દંતયજ્ઞો, પેટ ને છાતીનાં દર્દયજ્ઞો થતા રહે છે.'

'ધનવાન ને પ્રતિષ્ઠિત લોકોએ ખુલ્લા દિલથી આવા યજ્ઞોમાં બનતી બધી જ મદદ કરવી જોઇએ. આજે અંદર અંદર કેટલું વેરઝેર, કેટલા ભેદભાવ ને પક્ષાપક્ષી તેમ જ સ્વાર્થ ખોરી ફેલાઇ છે? આ બધાને જીવન ને સમાજમાંથી દૂર કરવા માટે માણસે ચારિત્ર્યયજ્ઞ કરવો જોઇએ. આવા આવા યજ્ઞો દેશ ને દુનિયાની સૂરત બદલી નાંખવા માટે ખૂબ જ જરૂરી છે, તે તરફ લોકોનું લક્ષ દોરાય તે ખૂબ જરૂરી છે.'

પૂ. શ્રીની આ યજ્ઞભાવના સ્વર્ગારોહણમાં જીવંત બની છે. શ્રી મણિબેન ભક્તની સ્મૃતિમાં શ્રી રમણભાઇ ભક્ત તેમ જ શ્રી ભરતભાઇ ભક્તે આ સર્વરોગ નિદાનયજ્ઞ માટે આર્થિક સહયોગ ધર્યો છે. આ પરિવાર લોસ એંજલિસ—અમેરિકામાં સ્થિર થયો છે, પણ ભારતની ભૂમિમાં સત્કર્મો માટે તત્પર છે. પોતાના ગામમાં શિક્ષણક્ષેત્રે પણ તેમનું પ્રદાન ખૂબ મોટું છે. શ્રી મણિબેનના ઘેર (અમેરિકા) પૂ. શ્રી પધાર્યા હતા અને પૂ. મા પણ સાથે હતાં, શ્રી મણિબેનનું શરીર સાથ આપતું ન હતું



અને હાર્ટની બીમારીને કારણે પેસ મેકર મૂકેલું હોવા છતાં તેઓ સવાર અને સાંજે ૧૨૫+૧૨૫=૨૫૦ પ્રણામ કરતાં. પ્રણામ ભક્તિ પર ખૂબ શ્રદ્ધા હતી. આ સેવાયજ્ઞમાં તેમના પરિવારના કલાવતીબેન અને ગીતાબેન પણ ખાસ ઉપસ્થિત રહ્યાં, તે વિશેષ આનંદની વાત છે.

તા. ૬—૩—૦૫ ને રવિવારના રોજ સવારે ૯:૧૫ કલાકે સંકીર્તન સાથે પૂ. શ્રીના સ્વરૂપને કુટિયા ફરતે પ્રદક્ષિણા કરીને યોગતીર્થની સામે અગાઉથી તૈયાર કરેલ બેઠકપર પધરાવાય છે. શ્રી કલાવતીબેન, શ્રી ગીતાબેન, શ્રી રમણભાઇ, શ્રી ભરતભાઇ અને પૂ. મા દીપ પ્રગટાવીને નિદાનયજ્ઞનું ઉદ્‌ઘાટન કરે છે. ભક્તો બેઠા છે. મંત્રગાન થાય છે. સૌ પોતાના સ્થાન પર જ પાંચ પ્રણામ કરે છે. 'વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો' પદનું સમૂહમાં ગાન થાય છે.

શ્રી કલાવતીબેન આ પ્રસંગે પ્રતિભાવ આપતાં જણાવે છે કે 'પૂ. માએ આ સત્કર્મ કરવાની તક આપી અમને આ સેવાયજ્ઞ માટે યોગ્ય ગણ્યાં ને અમારી સેવા સ્વીકારી એ બદલ આભારી છીએ. આ સેવાયજ્ઞથી આજે શ્રી મણિબેનનો આત્મા જ્યાં પણ હશે ત્યાં ખૂબ આનંદ પામશે.'

**આ પ્રસંગે પૂ. માએ પણ પ્રેરક સંદેશો લખ્યો, 'સાચા અર્થમાં સત્સંગી એવાં શ્રી મણિબેન જેમની સ્મૃતિમાં આજનું આ સત્કર્મ પ્રારંભ પામશે. વ્યક્તિ વિદાય લે છે કંઇ કેટલીયે ઈચ્છાઓ સાથે. પણ તેનાં સ્વજનો જો પ્રેમી હોય તો તેની ઈચ્છા પૂર્ણ કરે. એ રીતે આજે એ ભક્ત બેનના પુત્ર ને પતિ આજે સાચા અર્થમાં તર્પણ કરી રહ્યા છે. મણિબેન જ્યાં છે ત્યાં તેઓને પરમશાંતિ મળો એ જ પ્રાર્થના છે.'**

**'આજે શ્રી રમણભાઈ તરફથી કેમ્પ તો થઈ રહ્યો છે. પરંતુ બીજાં પણ બે સત્કર્મ તેઓ કરી રહ્યા છે. (૧) મસૂરીના ૫૦૦ બાળકોને ટુવાલ આપવાનું કાર્ય (૨) જંગલની એક પ્રાથમિક શાળાના બધા બાળકોને એક ડીશ આપવાનું કાર્ય. એક સાથે ત્રણ સત્કર્મ પિતા–પુત્ર–પુત્રી ત્રણે સાથે મળીને કરી શક્યાં છે. પ્રભુ આ પરિવારને આશીર્વાદ આપે.'**

**'તમે બધા દૂર દૂરથી માત્ર સેવા માટે જ અહીં પધારો છો. તમે તમારા જ સંતોષ માટે અહીં પધારો છો. સત્કર્મ કરી કરીને તમે આ તીર્થભૂમિ સાથેનો સતત સંબંધ સંભાળી શકો છો. તમને સૌને પણ અભિનંદન. તમારો સૌનો આભાર. તમને સૌને ખૂબ ખૂબ ધન્યવાદ. પ્રભુના આશીર્વાદ ઉતરો. સ્વર્ગારોહણના સાચા સંરક્ષક, સ્વજન બની આ તીર્થભૂમિને દીપાવો. જાગતા રહીને સેવા કરજો.'**

પૂ. માના પ્રેરક શબ્દો ને આશીર્વાદથી સૌ સેવા માટે તત્પર બને છે. દરેક સાધક સેવાઓ માટે સ્થાનપર જાય છે. દરવાજાની બહાર બંને બાજુ દરદીઓની નોંધણી થાય છે. દરદીઓ કતારબંધ ઉભા છે. નોંધણી થયા પછી સેવાભાવી સાધકો ડોક્ટરો સુધી દરદીને દોરી જાય છે. ડોક્ટર દરદીને તપાસી દવા લખી આપે છે. દરદીને દવાના કાઉન્ટર પરથી દવા અપાય છે, પછી પ્રસાદ ને છેલ્લે લીંબુનું શરબત પણ અપાય છે. રાજી થતાં થતાં આ દરદીનારાયણો સ્વર્ગારોહણથી વિદાય લે છે. આ સેવા સહજ રીતે થતી જાય છે. જાણે કે બધું જ યંત્રવત્. કોઈ ખલેલ નહીં, ક્યાંય વિક્ષેપ નહીં, ઘોંઘાટ કે અવ્યવસ્થા નહીં. હસતા મુખે સૌ સેવા કરી રહ્યા છે ને દરદીઓ સેવા લઈ પ્રસન્નવદને બહાર આવી રહ્યા છે.



આ સેવાયજ્ઞમાં પૂ. મા પાણી, શરબતની પ્રસાદી, ડોક્ટરો, દરદીઓ તેમ જ સેવા આપનારા સાધકોને પાસે જઈને આપે છે. પૂ. માના હસ્તે અપાતું શરબત ને પાણી સામાન્ય નથી એવો ભાવ સહુ કોઈને છે, એટલે જ ધન્યતા અનુભવાય છે. પ્રસન્ન વદને સપ્રેમ અપાતું આ શરબત ને પાણી જાણે કેટલાંય જન્મોની તરસ છીપાવનારું બને તેવું સૌ અનુભવે છે. પૂ. માની અપાર કરુણા સૌ પર વરસે છે. વ્યવસ્થામાં થતાં સૂચનો ને તેનો અમલ નિદાનયજ્ઞમાં નવી ભાત પૂરે છે. પૂ. માની સતત હાજરી, ખુલ્લું દર્શન, આવતા સાધકોને દર્શન, ભવરોગ પીડિતોને ત્વરિત માર્ગદર્શન, આશીર્વાદ ને આસપાસ રેલાતી સહજ શાંતિ સહુકોઈ અનુભવી રહ્યા છે. આ દૃશ્યો વિડિયો ને કેમેરાનાં ફોટામાં કંડારવા શ્રી દીપકભાઈ અને શ્રી જનકભાઈ પ્રયાસ કરી રહ્યા છે. આ બધું જ જાણે પૂ. શ્રી પ્રત્યક્ષ બનીને સ્વરૂપમાં બેઠાં બેઠાં જોઈ રહ્યા હોય તેમ જણાય છે. કદાચ વિચારતા હશે કે ૧૯૬૭ માં લખેલી સેવાયજ્ઞની સમજ પૂ. મા સહજ રીતે સાકાર કરી રહ્યાં છે. આમ તો પૂ. શ્રી ને પૂ. મા દરેક અવતારે માનવજીવનમાં સુગંધ ભરવા, માનવને ભક્તિ સભર કરવા ને પ્રભુપંથે વાળવા સતત પ્રયાસ કરતાં જ આવ્યાં છે એવું પૂ. શ્રીના ગ્રંથો, પ્રવચનો, સત્સંગ ને અનુભૂતિઓના શ્રવણથી ભક્તવૃંદને સમજાયું છે.

પ્રસાદ આપવાની સેવા આ યજ્ઞ માટે આર્થિક સહયોગ ધરનાર શ્રી રમણભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી કલાવતીબેન, શ્રી સરોજબેન પણ આ કાર્યમાં સહયોગ ધરી રહ્યાં છે. આ નિદાનયજ્ઞમાં વિવિધ પ્રકારની સેવાઓ આપવા અમદાવાદ, રાજકોટ, સુરત, કપૂરા, વડોદરા, મોરબી, ભાવનગર, ઝણોર, મુંબઈ, પાલનપુર, મેસવાણ, નેત્રંગ વગેરે સ્થાનેથી ૨૧૦

જેટલા સાધકો ખાસ આવ્યા છે. તો પાલનપુર, અમદાવાદ, વડોદરા, ભાવનગર, ઝણોર, મુંબઇ, સુરતથી આવેલા વિવિધ રોગના નિષ્ણાંત ડોક્ટરો પણ તેમની સેવાઓ આપી રહ્યા છે.

બપોર પછી ૨.૪૦ કલાકે નિદાનયજ્ઞની પૂર્ણાહુતિ થાય છે. પૂ. શ્રીના સ્વરૂપને સંકીર્તન સાથે ભક્તવૃંદ મૂળસ્થાને પધરાવે છે. ભક્તો—સાધકો ખંડમાં બેસે છે. પૂર્ણાહુતિ કાર્યક્રમમાં ડોક્ટરોને પુરસ્કાર આપવા માટે તૈયારી થાય છે. સૌ પૂ. માના આગમનની રાહ જુએ છે. સુકૃતિ ધૂન અને પદ ગવડાવે છે—

લાવ હથેળી શ્યામ લખી દઉં, હૈયે હરિવર નામ લખી દઉં.
આંગળી ઉપર આતમ પ્યારો, કર ઉપર કિરતાર લખી દઉં.
લાવ હથેળી શ્યામ૦
મુખ ઉપર માખણ ખાનારો, ગાલો પર ગોંવિદ લખી દઉં.
લાવ હથેળી શ્યામ૦
કંકણ ઉપર કૃષ્ણ કૃપાળું, ભુજા ઉપર ભગવંત લખી દઉં.
લાવ હથેળી શ્યામ૦
કુંડળ ઉપર કમલનયનને, અલકાવલ પર અલખ લખી દઉં.
લાવ હથેળી શ્યામ૦
નાસિકા ઉપર નટવર નાગર, નથણી પર શ્રીનાથ લખી દઉં.
લાવ હથેળી શ્યામ૦
અધરો ઉપર પરમાનંદને, કીકીમાં હું કૃષ્ણ લખી દઉં.
લાવ હથેળી શ્યામ૦
ચૂંદડી ઉપર ચિત્ત હરનારો, પાલવ પર પ્રીતમજી લખી દઉં.
લાવ હથેળી શ્યામ૦
શ્રાવણી મનની ભીતરમોહન, રોમ રોમ રસરાજ લખી દઉં.
લાવ હથેળી શ્યામ૦



આ પદના શબ્દો ગાનાર બાલિકાનો સૂર ને ભક્તિમય થતું વાતાવરણ ભૂલાવી દે છે કે થોડી ક્ષણો પહેલાં કયો કાર્યક્રમ હતો? શ્રી અજયભાઇ કલોલા ઢોલક વગાડે છે. વિડિયોવાળા ભાઇઓ પૂ. માની પ્રતીક્ષા કરે છે. પૂ. મા પધારે છે. કરકમળમાં પૂ. શ્રીનું સ્વરૂપ છે. બેઠક પર પધરાવે છે અને પૂ. શ્રીના સ્વરૂપને પ્રણામ કરી પૂ. મા બેઠક પર બિરાજે છે. સુકૃતિ ફરી પદ ગાય છે. પૂ. મા મુક્ત હાસ્ય ને કરકમળથી તાલ આપીને આ નાની દીકરીને પ્રેરણા અને પ્રોત્સાહન ધરી રહ્યાં છે.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી રાજુભાઇ જાની ડોક્ટરોને પુરસ્કાર વિતરણ માટે જાહેરાત કરે છે. ૩૨૦૦ જેટલા દરદીઓની સેવાઓ કરીને જેમના હાથ પવિત્ર થયા છે તેવા ડોક્ટરોને શ્રી રમણભાઇ અને શ્રી ભરતભાઇ પુરસ્કારનાં કવર, પૂ. શ્રીનું પુસ્તક 'યોગમીમાંસા' અને પૂ. માનો આશીર્વાદપત્ર આપે છે.

**આશીર્વાદ પત્રમાં પૂ. માએ લખ્યું છે. 'સ્વર્ગારોહણની પવિત્ર ધરતી પર અનેક સત્કર્મો પ્રભુકૃપાથી સંપન્ન થતાં રહે છે. સ્વર્ગારોહણના આ મંગલકાર્યોમાં આપનો સહયોગ વંદનીય છે. જેવો સહયોગ ધરો છો તેવો જ ધરતા રહેશો—મા સર્વેશ્વરી.'**

નિદાનયજ્ઞનું આકર્ષક બેનર તો આ નિદાનમાં સહયોગ ધરનારા માટે યજ્ઞવેદીની ભસ્મસમાન હતું. એટલે તે પૂ. માએ સુકૃતિના હસ્તે શ્રી રમણભાઇને અર્પણ કરાવ્યું. સુકૃતિની ઉંમર ૧૦ વર્ષની છે ને સ્વીકારનાર શ્રી રમણભાઇ તો ૭૦ વર્ષથી પણ વધારે ઉંમરના છે. નાનાં કે મોટાં સહુ કોઇ પૂ. માને મન બાળક જ છતાં સામાન્ય શિષ્ટાચારની દૃષ્ટિએ બહાર પૂ. માનો કોઇ વ્યવહાર નહીં. એટલે જ સુકૃતિને કહે છે કે શ્રી

રમણભાઈને ભલે બેનર અર્પણ કર્યું પણ પ્રણામ કર. સુકૃતિ તેમ કરે છે. સહુ કોઈ આ શિષ્ટાચારની નોંધ લે છે.

શ્રી કલાવતીબેન આ નિદાનયજ્ઞ અંગે પ્રતિભાવ આપી કૃતજ્ઞતા અનુભવતાં કહે છે કે, 'નિદાનયજ્ઞનો અનુભવ અદ્‌ભુત છે. હું ખૂબ પ્રભાવિત થઈ છું, અમેરિકામાં ડાયાબીટીસ ને હૃદયરોગના કેમ્પ થાય છે. સંખ્યા ખૂબ ઓછી હોય છે. દરદીઓની આટલી સંખ્યા જોઈને ભાવવિભોર થઈ છું. પૂ. માએ આવી સેવાની તક આપી તે બદલ પૂ. માનો આભાર માનું છું. સેવા આપનાર ડોક્ટરો ને સાધકોનો પણ આભાર માનું છું.'

નિદાનયજ્ઞ ચાલતો હતો ત્યારે દરદીઓ સાથે આવેલાં નાનાં બાળકોના શરીર પરનાં વસ્ત્રો પર પૂ. માની દૃષ્ટિ પડી. સાધકોનાં બાળકો પાસે પૂ. મા સત્કર્મ કરાવે છે. પોતાનાં એક જોડી સારાં કપડાં આ દરદીઓ સાથે આવેલાં બાળકોને આપવા પૂ. મા પ્રેરે છે. નાનાં બાળકો સપ્રેમ આપી દે છે. આ દાતા બાળકોને હોલમાં પૂ. મા ઉભા કરીને એક બાજુ બેસવા કહે છે. આ બાળકોની સેવાઓ બદલ પુરસ્કાર ને એક ચાદર ભેટ આપે છે. નાનાં બાળકો રાજી થાય છે. પૂ. મા તરફથી આવો વિશેષ આદર પામતાં એમનાં હૃદય ખુશીથી ઉભરાય છે.

આ કાર્યક્રમમાં અમદાવાદથી આવેલાં પ્રા. તરલાબેન દેસાઈ નિદાનયજ્ઞ અને સાઈકલયાત્રા પર પાંચ મિનિટ સુધી પૂ. માની પ્રગટ ને પ્રચ્છન્ન દૈવીશક્તિ, કરુણા, પ્રેમ, આનંદ ભક્તો–સાધકો ને જીવોપર કેવી રીતે અસ્ખલિત વહ્યા કરે છે તેનું વર્ણન કરે છે. ભવરોગના દરદીઓનાં દરદ, પણ કેવી સહજ રીતે પૂ. મા હરી લે છે, તેનું વર્ણન આગવી શૈલીમાં કરે છે.



સાઈકલ યાત્રિક બહેનોને ખાસ પ્રકારનાં સર્ટિફિકેટો પૂ. માના વરદ હસ્તે અપાય છે. શ્રી અજયભાઈ કલોલા લાક્ષણિક શૈલીમાં છડી પોકારીને સાઈકલ યાત્રાને તાજી કરાવે છે. સાઈ-કલયાત્રામાં સહયોગ ધરનાર સંરક્ષકદળને પણ પૂ. માનું સ્વરૂપ ને સન્માન કાર્ડ પૂ. માના વરદ હસ્તે પ્રાપ્ત થાય છે.

શ્રી જયુબેન ને શ્રી બીજલબેન લાક્ષણિકશૈલીમાં સાઈકલ-યાત્રાના ભક્તિસભર સંભારણાને તાજા કરાવીને કાર્યક્રમનું સંચાલન કરે છે. ડોક્ટરો તો આ જોઈને નવાઈ પામે છે કે કાર્યક્રમ નિદાનયજ્ઞની પૂર્ણાહુતિનો છે ને સાઈકલયાત્રા ક્યાં વચ્ચે આવી! પૂ. માને મન સ્વર્ગારોહણને આંગણે થતો કોઈ પણ કાર્યક્રમ યજ્ઞ જ છે. સાઈકલયાત્રા પૂ. માની પ્રત્યક્ષ લીલા-દર્શનયાત્રા હતી. અંબાજીના ચાર નાનાં બાળકો સ્વર્ગારોહણના કાર્યક્રમોમાં નિયમિત આવે છે તેનું પણ પૂ. માએ સન્માન કર્યું.

'ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ, કાર્ય અમારું સફળ કર્યું.'

એ પદ ગાઈને, મંત્રગાન કરી કાર્યક્રમ પૂર્ણ કર્યો. આજે અગિયારશ છે એટલે સૌને ગાજરનો હલવો, સૂરણનું શાક, સાબુદાણાની ખીચડી ને છાશનું બપોરનું ભોજન મળે છે. સેવાના કામમાં ભોજન પણ ભુલાઈ જાય છે. પૂ. મા પોતાના ખંડમાં પધારે છે. પૂ. માએ તો ૧૯૮૪ થી અન્ન ત્યાગ કર્યો છે એટલે આ ભોજન તો ભક્તો માટે જ છે. સેવા, પૂ. માનાં દર્શન, આશીર્વાદ, સત્કર્મની સુવાસ લઈને સૌ છૂટા પડે છે. આવાં સરસ સત્કર્મોમાં સહભાગી થવાનું સદ્‌ભાગ્ય પણ પ્રભુની કૃપા સિવાય પ્રાપ્ત થતું નથી. અહીં સત્કર્મ શોધવા જવું પડતું નથી. પૂ. મા સામેથી તે આપે છે, કિન્તુ ભાગ્યશાળી જીવો જ તેમાં ઉપસ્થિત રહી શકે છે. એ પણ એટલું જ સાચું છે. ●

### દસમો નિઃશુલ્ક સર્વરોગ

# નિદાન—ચિકિત્સાયજ્ઞ—મારી નજરે

ડો. ભરતભાઇ, મુંબઇ.

સ્વર્ગારોહણ એટલે પૂ. મા શ્રી સર્વેશ્વરીદ્વારા થતાં કર્મ, જ્ઞાન અને ભક્તિનો ત્રિવેણી સંગમ. અત્રે પૂ. શ્રી યોગેશ્વરજી-ના જીવનસંદેશને પૂ. મા શ્રી સર્વેશ્વરી સાકાર કરી તેમના સાધક ભક્તોને આ ત્રિવેણી સંગમમાં આચમન અને સ્નાન કરાવી જીવનને એક નવી દિશાનો મોડ અપાવે છે. ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ઈશ્વરપ્રાપ્તિની ત્રણ નિષ્ઠા, ત્રણ માર્ગનું વર્ણન કરેલ છે. તે ત્રણ માર્ગ છે. કર્મયોગ, જ્ઞાન યોગ અને ભક્તિયોગને પૂ. મા શ્રી સર્વેશ્વરી પ્રત્યક્ષરૂપે અનેક સત્કાર્યોદ્વારા આ ઉપદેશનું આચરણ કેમ થાય તે બતાવે છે.

સ્વર્ગારોહણ તીર્થધામ અંબાજીની આસપાસ વસતી ગરીબ અને અભણ આદિવાસી પ્રજાને રાહત પહોંચે અને આધ્યાત્મિક સાધનાની સાથે સાથે અનેક સત્કાર્ય, સેવાની પ્રવૃત્તિ પણ પૂ. મા શ્રી સર્વેશ્વરીના માર્ગદર્શન હેઠળ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના માધ્યમથી અહીં થઇ રહી છે. પૂ. મા સર્વેશ્વરીનું એક બહુ ઉપયોગી સૂત્ર ‘જીવનમાં યોગી નહીં, પણ ઉપયોગી થાવ’ તે સાર્થક થાય છે.

૨૦૦૫ ના માર્ચ મહિનાની ૬ તારીખ ને રવિવારના દિવસે નિઃશુલ્ક સર્વરોગ નિદાન—ચિકિત્સાયજ્ઞ પૂ. મા શ્રી સર્વેશ્વરીની સંનિધિમાં સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટદ્વારા થયો. આજસુધીનો આ દસમો અને સ્વર્ગારોહણ તીર્થધામમાં આઠમો



નિદાન—ચિકિત્સાયજ્ઞ થયો. પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી અને મારા સદ્‌ભાગ્યથી આ યજ્ઞમાં સેવા કરવાનો અવસર મને પ્રાપ્ત થયો. મારા વ્યાવસાયિક જીવનકાર્ય દરમ્યાન આજસુધી મારા દ્વારા ભાગ લેવાઇ ગયેલા અન્ય યજ્ઞો કરતાં કંઇક સવિશેષ અને અન્ય શિબિરોથી તદ્દન નિરાળી શૈલીની આ શિબિર મારા માનસપટપર ઉંડી છાપ છોડી ગઇ, સેવા કરવી તો આ રીતે કરવી, જેથી સેવાનો આત્મસંતોષ થાય ને કોઇ પણ જાતનો થાક ના લાગે. મેં અન્ય કરેલા યજ્ઞો કરતાં આ ઘણી જ રીતે જુદો હતો. તેનાં વિભિન્ન પાસાંને જોઇ લઇએ.

સર્વપ્રથમ મારું ધ્યાન દોરે તેવી બાબત આ યજ્ઞમાં જેમની સંનિધિ—માર્ગદર્શન હેઠળ આ થઇ રહ્યું હતું તે પૂ. મા શ્રી સર્વેશ્વરી સ્વયં દરેક જગ્યાપર પ્રત્યક્ષ રીતે હાજર રહી દરેકને માર્ગદર્શન આપી રહ્યાં હતાં, તેમાં પણ જ્યારે પૂ. મા સ્વયં સેવા આપી રહેલા ડોક્ટરોને સ્વહસ્તથી લીંબુ શરબતની પ્રસાદીનો પ્યાલો પણ આપતાં હતાં ત્યારે એવું દૃશ્ય ખડું થતું કે આયુર્વેદના દેવતા ભગવાન ધનવંતરી અમૃત-કુંભ હાથમાં લઇને દરેકને અમૃતનું પાન કરાવી રહ્યા છે. મેં મારા જીવન દરમ્યાન જોયેલા બીજા સત્કાર્યોમાં કોઇ પણ સંત અથવા અધ્યક્ષ આ રીતે શ્રમ ઉઠાવી, લોકોમાં ઉત્સાહનો સંચાર અને સ્વયંસેવકોને સેવાનું પ્રત્યક્ષ ઉદાહરણ પૂરું પાડતા જોયા નથી. આ બાબતે જ મને આશ્ચર્યચકિત કરી દીધો હતો.

બીજી ધ્યાનાકર્ષક બાબત એ હતી કે જે વ્યક્તિ વિશેષે આ સત્કાર્ય માટે આર્થિક સહાય કરી હતી તે અથવા તેમના કુટુંબીજનોએ અત્રે પ્રત્યક્ષ ઉપસ્થિતિ રહેવું અનિવાર્ય હતું. ફક્ત પૈસા આપીને છટકી જવાનું ન હતું. જેથી તેઓ પણ

સત્કાર્ય કરવાના સંકલ્પને પ્રત્યક્ષ સાકાર થતો જોઈ શકે અને તેમનાદ્વારા મળેલી આર્થિક સહાય અનેક દરદીઓને કેવી શારીરિક શાતા આપી ગઈ.

મારા જીવનમાં કરેલા ચિકિત્સાયજ્ઞોમાં જે દવાઓ અપાતી મેં જોઈ છે તેની કિંમત ઘણી જ સસ્તી હોય છે જેમ કે Septran Tetramycin, Ampicilin વગેરે પણ અત્રે સારામાં સારી અને ઉચ્ચતર કંપનીની દવાઓ તથા બાળકો માટે સિરપની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી દર્દીને ટૂંક સમયમાં ઓછી આડઅસરથી રાહત મળે, તેને પણ ધ્યાનમાં લેવાયું હતું. સાથે સાથે સ્ત્રીરોગ અને બાળકોના નિષ્ણાત ડોક્ટરો તેમ જ સોનોગ્રાફીની વ્યવસ્થા હતી જેનો સવિશેષ લાભ બાળકો તથા સ્ત્રીઓ લઈ શકે. આંખ જેવા અમૂલ્ય અવયવના જતન માટે Eyedrop દવા તથા ચશ્માના નંબર ચકાસી ચશ્મા પણ અપાયા હતાં. આમ એક જ દિવસમાં સર્વાંગી રીતે બધા જ રોગોના દર્દીઓને આવરી લેવાયાં હતાં. સાથે સાથે પ્રત્યેક દર્દીને બુંદીનો પ્રસાદ પણ પૂ. મા–પ્રભુના આશીર્વાદ સાથે અપાયો હતો. આમ દવા અને દુઆ, દવા અને પ્રસાદ લઈ દર્દીઓ ધન્યતા અનુભવતા હતા. દવાઓ સાથે પ્રસાદ આપતા આવી શિબિર હજુ સુધી મેં જોઈ ન હતી.

સંપૂર્ણ શિબિર દરમ્યાન પ્રથમથી અંતસુધીની વ્યવસ્થા દાદ માંગે તેમ હતી. ડોક્ટરને જરા પણ શ્રમ ન પડે. ગેરવ્યવસ્થા ઊભી ના થાય તેના માટે સ્વયં સેવકો કોઈ પણ કામની નાનપ અનુભવતા ન હતા. ડોક્ટરના ટેબલ અને રૂમની ક્રમાનુસાર ગોઠવણી, ડોક્ટરોની સરભરા અને સ્વાગત, રજિસ્ટ્રેશન, દર્દીઓને ડોક્ટરસુધી લઈ જવા, દવાવિતરણ, ચશ્માવિતરણ,



ભોજનવ્યવસ્થા, પ્રસાદ, લીંબુ, શરબતનું વિતરણ વગેરે કાર્ય માટે પૂર્વ તૈયારીરૂપે સમિતિની રચના કરવામાં આવી હતી. જેથી દરેક કાર્ય સુગમતા અને સુવ્યવસ્થિતરૂપે લયબદ્ધ રીતે થતું રહે. અન્ય શિબિરોની જેમ રામભરોંસે જેવું ન હતું. કે 'માર ધક્કો ને કાઢ બહાર.' એવું ન હતું. સ્વયંસેવકો દર્દી નારાયણની સેવા પૂ. મા–પ્રભુના આધ્યાત્મિક મૂલ્યો અને સંસ્કારથી રંગાઈ નમ્ર બનીને પૂ. માએ દર્શાવેલ જીવનમૂલ્યોને સાર્થક કરવા સ્વયંસેવકોએ બાળકથી લઈ આધેડ વયના દરેકે યથાયોગ્ય પુરુષાર્થ કર્યો હતો અને તેમની મહેનતના પરિણામે એકંદર ૩૨૦૦ દર્દીઓની વિશાળ સંખ્યા ને નિદાન–ચિકિત્સા ને લગભગ ૬ કલાકમાં સુખશાંતિથી પૂર્ણ કરી શકાયો. સાથે સાથે દર્દીઓ ગત વર્ષમાં મેળવેલી સારવારને પણ યાદ કરી સ્મરણો તાજા કરતા હતા. વિશાળ સંખ્યા જ એની સાક્ષી પુરાવે છે કે સ્વર્ગારોહણમાં થતાં સત્કાર્ય પાછળ કોઈ લાભ કે પ્રતિષ્ઠા કમાવાનો આશય નથી. કેવળ પૂ. માની અનુકંપા સેવાની ભાવનાથી અહીં બધી પ્રવૃત્તિ થાય છે.

સંપૂર્ણ દિવસ દરમ્યાન થોડા વિશ્રામની પળોમાં શાંતિથી વિચાર્યું કે આ બધો જ શક્તિસંચાર ક્યાંથી અને કેવી રીતે થયો? પૂ. માની કૃપાશક્તિને લઈને જ છે અન્યથા આપણે બધા માત્ર જોડાણ વગરના ટેલિફોનના ડબલા જેવા જ.

અને બપોરના ૨.૩૦ કલાકે સંકીર્તન સાથે પૂ. શ્રીના સ્વરૂપને મૂળસ્થાને પધરાવીને નિદાન–ચિકિત્સા યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવે છે. આ યજ્ઞમાં લગભગ એકંદરે ૩૨૦૦ દર્દીઓને વિવિધ રોગના તજજ્ઞ ડોક્ટરોદ્વારા રોગોનું નિદાન કરી મફત ૧૫ દિવસથી લઈ એક મહિના સુધીની દવા

આપવામાં આવી જે દર્દીઓને ચશ્માની જરૂર હતી તેમને આંખની તપાસ કરી લગભગ ૫૯૦ દર્દીને ચશ્મા આપવામાં આવ્યાં હતાં. લગભગ કુલ ૩૧ ડોક્ટરોએ પોતાની માનદ્ સેવા પ્રેમભાવથી આપી હતી. હોલમાં ડોક્ટરો અને સાધકો એકત્રિત થાય છે ત્યારે બપોરના લગભગ ૩.૦૦ કલાક થયા હોય છે. પૂ. માની ઉપસ્થિતિમાં શ્રી રાજુભાઇ જાનીની ઘોષણાથી ડોક્ટરોને સન્માનપત્ર, પૂ. યોગેશ્વરજીનું પુસ્તક યોગમીમાંસા અન્ય રોકડ રકમ આપી પુરસ્કૃત કરાયા.

એક સરસ સત્કર્મમાં સહભાગી થવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું, તેની ખુશી મારા મન અંતરમાં વ્યાપી રહી. જીવનનું એક સરસ સંભારણું પૂ. માની કૃપાથી આ ખુશી બની ગઇ.

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# સર્વરોગ નિદાનયજ્ઞ પ્રતિભાવોનું સંકલન

**સ્વર્ગારોહણ સેવક**

નિદાનયજ્ઞ પછી પૂ. શ્રી માની ઉપસ્થિતિમાં રાત્રે બેઠક દરમ્યાન નિદાનયજ્ઞ સૌને કેવો લાગ્યો તે માટે જુદાં જુદાં વક્તાઓને તેમનાં મંતવ્યો આપવા પૂ. શ્રી માએ સૂચન કર્યું.

આ કાર્યક્રમની શરૂઆતમાં હળવી મજાકદ્વારા શ્રી અજય કલોલાએ પોતાની વિશિષ્ઠ લઢણમાં સૌને હાસ્યરસથી ભરી દીધા. જેથી થોડીક ક્ષણોમાં જ દિવસભરનો સૌનો થાક ભૂલાઇ ગયો. સૌ હળવા બની ગયા.

ડો. હરેન્દ્રભાઇ સુરતીયાએ કહ્યું, ''હાલ માતાની સેવામાં છું. તેમાંથી નિવૃત્ત થતાં તુરત જ સ્વર્ગારોહણની સેવામાં પહોંચી જઇશ, જેથી અહીં કાયમી દવાખાનાની પ્રવૃત્તિ સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાય. આજે આ કેમ્પમાં સેવા આપ્યાનો સૌથી વિશેષ સંતોષ છે, કારણ ૧૪૦ બાળરોગના દર્દીઓને તપાસ્યા તેમાંથી મને ઘણું શીખવાનું મળ્યું. રોગો વિશે જાણકારી હતી છતાં આજે તેવા કેસોનું નિદાન કરવાની તક મળી. ચિકિત્સા પછી બાળકોની માતાના મુખ ઉપરનો સંતોષ મને અંતરનો વિશેષ આનંદ ધરતો રહ્યો, અહીં જે દવાઓ આપી છે તે ઉત્કૃષ્ટ તો છે જ, છતાં પૂ. શ્રી માની કૃપા તેમાં ભળતાં તે રોગો મટાડવામાં અક્સીર બની રહે છે. આ સેવા જ મારી સાધના બની રહી હોય તેવું છેલ્લા થોડા સમયથી અનુભવી રહ્યો છું.''

મેડિકલ કેમ્પ માટેની પ્રચારની જવાબદારી જેમણે વિશેષ રીતે હેમલની સાથે રહી ઉપાડી હતી અને દૂર દૂરનાં ગામો

સુધી પહોંચી સૌને આમંત્રણ પહોંચાડવા તે શ્રી સ્નેહલભાઈએ કેમ્પની સફળતા માટે સંતોષ વ્યક્ત કર્યો. લગભગ ૨૫ થી ૩૫ કિ. મી. દૂરનાં ગામોમાંથી આવનાર દર્દીઓની સંખ્યા વિશેષ હતી, તેનો તેમને ખૂબ આનંદ હતો, કારણ ખૂબ અંદરના વિસ્તારોમાં જ્યાં કોઈ જ તબીબી સવલતો ઉપલબ્ધ નથી, તે ગામોના દર્દીઓ વાહનભાડુ ખર્ચ કરીને પણ કેમ્પમાં રોગ ચિકિત્સા માટે આવ્યા હતા.

શ્રી રાજુભાઈ જાનીએ કેમ્પની વિગતો આપતાં જણાવ્યું કે આંકડાઓથી કેમ્પની સફળતાને મૂલવ્યા કરતાં, આવનાર દર્દીઓ કેવા ભાવ સાથે જાય છે. તે અગત્યનું છે. તેમના હૃદયમાં જે શ્રદ્ધા સ્વર્ગારોહણના કાર્યો પ્રત્યેની જોવા મળે છે, તે જ અગત્યનું છે. પૂ. શ્રી મા હંમેશાં કહે છે કે પ્રસિદ્ધિથી કાર્ય પ્રસાર નથી કરવો, આપણે આપણા કાર્યોની સુવાસ જ એવી પ્રસ્થાપિત કરીએ જે પ્રસિદ્ધિ અને પ્રસારનું કાર્ય સૌના હૃદયમાં આપોઆપ કરશે. નિદાનયજ્ઞ દરમ્યાન આવેલા પાંચેક આંખના દર્દીઓને પાલનપુર સરકારી દવાખાનામાં ઓપરેશન માટે જવાની ચીઠ્ઠી લખી દઈ ડોક્ટરોએ તેમને મંગળ અને ગુરુવારે આવવા સૂચવ્યું, ત્યારે તે સૌએ એક જ વાત કરી કે અમે તો પૂ. શ્રી મા અહીં ઓપરેશન કરવાનું આયોજન કરે ત્યારે જ ઓપરેશન કરાવશું. કેવો સુંદર ભાવ! આ ગ્રામ્ય દર્દીઓના હૃદયમાં પણ પૂ. શ્રી મા માટે કેવો ભાવ વહી રહ્યો છે. પૂ. શ્રી મા કેમ્પ દરમ્યાન મધ્યમાં રહી સૌનામાં શક્તિ અને પ્રાણ પૂરી રહ્યાં હતાં. કેમ્પ સફળ રહ્યો કારણ કે પૂ. શ્રી માનો એ સંકલ્પ હતો. આપણે સૌ તેના પ્રત્યક્ષ સાક્ષી છીએ કે સ્વર્ગારોહણમાં થતાં દરેક કાર્યો જે પૂ. શ્રી માના આશીર્વાદથી થાય તે



સફળતાપૂર્વક પૂર્ણ કરવા પ્રભુ પોતે જ જાણે સૌનામાં રહી જવાબદારીઓ વહન કરી લે છે.

અહીં સેવા આપવા આવતા ડોક્ટરોના હૃદયમાં પણ પૂ. શ્રી મા માટે અનન્ય શ્રદ્ધા જાગૃત થઈ છે, તેનું દર્શન પૂર્ણાહુતિ પછી ચાર–પાંચ ડોક્ટરોએ કરાવ્યું. તેમને અપાયેલ સ્મૃતિ પુરસ્કાર સ્વીકારતાં તેમણે સૌએ કહ્યું, "આ રોકડ પુરસ્કાર કરતાં પૂ. શ્રી માનું મનમોહક સ્વરૂપ જે સાયકલ યાત્રામાં સેવા આપનાર સૌને અપાય, તે અમને પણ મળી શક્યું હોત તો અમને તેનો ખૂબ આનંદ થાત. તેમણે વિનંતી પણ કરી, અનુમતિ મળે તો અમને તે પહોંચાડજો અમે ધન્ય થઈશું."

કેવો સુંદર ભાવ. છેલ્લા થોડા કેમ્પોમાં હાજરી આપનાર ડો. ના હૃદયમાં પણ પૂ. શ્રી મા કેવા પ્રસ્થાપિત થયાં છે!

આવાં કાર્યો માટે વ્યક્તિગત અભિપ્રાયો ક્યાંક અલગ પણ હોય પરંતુ અમે સૌ સાધકો વતી પૂ. શ્રી માને પ્રાર્થના કરીએ કે આવાં સેવાકાર્યોનું આયોજન કરી અમને સેવા માટે તક જરૂર આપજો એવી શ્રી ચરણે પ્રાર્થના છે.

શ્રી સુહાસભાઈ જેઓ પૂ. શ્રી મા પાસે થોડા સમયથી જ આવતા થયા છે તેમણે પ્રતિભાવ આપતાં જણાવ્યું કે સામાન્ય રીતે લશ્કર લડે અને વિજયનો યશ સેનાપતિ લે. અહીં તો સેનાપતિ પણ સૌની વચ્ચે રહે સેવાકાર્યમાં જોડાઈ ગયા. મેં જીવનમાં ક્યારેય સેવા કરી હોય તેવું અનુભવ્યું નથી. આજે સેવા શું કહેવાય તે અનુભવ્યું. સવારે અહીં શું કરશું, તેવો વિચાર આવતો હતો. એકાદ કલાક પછી સૌની સાથે સેવામાં જોડાઈ ગયો તો થોડો આનંદ અનુભવવા માંડ્યો અને સાડાબાર પછી અઢી ક્યાં વાગ્યા તે સાચે જ ખબર ન પડી. હવે તો

નિયમિત આવા સેવાકાર્યમાં આવવાનું ગમશે.

જ્યોત્સ્નાબેન ત્રિવેદીએ મયૂરીબેન સાથે એક્યુપ્રેસરના કાર્યમાં ખૂબ આનંદ અનુભવ્યો. અનેક જાતના દર્દો જોતાં આવા કેમ્પો સતત થાય તે અનિવાર્ય છે. તેમાં પણ એક્યુપ્રેસર ટ્રીટમેંટમાં ફોલોઅપની જરૂરિયાત ખૂબ રહે. અહીં કેટલાક સાધનો વસાવી શકાય જેથી કાયમી ધોરણે તે આ પ્રકારના કેમ્પોમાં ઉપયોગી થઇ શકે. પૂ. શ્રીની કરુણામય દૃષ્ટિ જ દર્દીઓને તેમના દર્દ વિસરાવે છે. દવાની સાથે પ્રસાદ જ એ પ્રભુનો કૃપા પ્રસાદ અહીં દર્દીઓ પામે છે.

શ્રી મોતીભાઇ તન્ના જે આજે પહેલી જ વાર સ્વર્ગારોહણ પધાર્યા હતા તે ગુજરાતના એક અગ્રગણ્ય વેપારી સંગઠનમાં પ્રતિનિધિત્વ ધરાવે છે. તેમણે પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે સામાજિક સેવા તંત્રો સાથે ઘણા વર્ષોથી સંકળાયેલો છું. ગુજરાતની ઘણી ધાર્મિક સંસ્થાઓ આ પ્રકારનાં સેવાકાર્યો કરતી હોય છે. પરંતુ આવી અદ્ભુત વ્યવસ્થા આટલી વિશાળ સંખ્યામાં દર્દીઓ હોવા છતાં અવિરત ચાલતી હતી તે એક આશ્ચર્ય છે. મેં ઘણા નિદાનયજ્ઞોમાં હાજરી આપી છે, પરંતુ આજે મને અહીં ઉપસ્થિત રહ્યાનો ખરેખર આનંદ છે. ક્યાં અને કેવી રીતે આવવું તે જાણતો નહોતો, છતાં પૂ. શ્રી માની ઇચ્છા હતી એટલે જ પહોંચ્યો.

એકંદરે સૌની એક જ પ્રાર્થના હતી કે મા અમને આ પ્રકારના સેવાકાર્યો આપતાં રહેજો.

✵



### પૂ. મા શ્રી સર્વેશ્વરી સંનિધિપર્વના આયોજક પરિવારનાં

# શ્રી નયનાબેનના જન્મદિનની ઉજવણી

**નારાયણ હ. જાની**

તા. ૧૭ માર્ચ કેલેન્ડરમાં દર વર્ષે આવે ને જાયે. જો તે દિવસ કોકનો જન્મદિન હોય તો તેને મન તેનું વિશેષ મહત્ત્વ પણ હોય. તેના પરિવાર કે કદાચ નજીકનાં સગાંઓને પણ હોય. પરંતુ સ્વર્ગારોહણ જેવા આધ્યાત્મિક તીર્થને માટે એક સરસ આનંદ અને ઉજવણીનું પર્વ તે દિન બની જાય એ કેવું?

૧૭ માર્ચ, ૨૦૦૫—આવું જ એક આનંદમંગલ અને સત્કર્મ કરનારું પર્વ—સ્વર્ગારોહણ અંબાજીમાં બની ગયું—કારણ.

પૂ. માનાં કૃપાપાત્ર નયનાબેનનો આજે ૪૩ મો જન્મદિન છે. પૂ. માના સાન્નિધ્યમાં એ દિન ઉજવાય અને સત્કર્મ કરતાં ઉજવાય, સાધકોના સાન્નિધ્ય અને સુભાશીષો સાથે ઉજવાય—એવી સરસ એમની ભાવના! તે માટે છેક અમેરિકાથી તેઓ સંપત્તિ અને શક્તિ ખર્ચીને આવ્યાં! ભાગ્યે જ આવું જોવા મળે.

અને સોનામાં સુગંધ ભળે એવી વાત તો એ કે એક પરિણિત દીકરીનાં મા—બાપ પણ દીકરીને જન્મદિનનિમિત્તે આશીર્વાદ ધરવા છેક અમેરિકાથી આવે. એવું ધન્ય ભાગ્ય તો કોઇ વિરલ દીકરીને કોકવાર જ પ્રાપ્ત થાય. ખરું કે નહિ! નયનાબેન એવાં સદ્ભાગી છે. તેમનાં માતાપિતા શ્રી કુસુમબેન અને શ્રી સીતારામભાઇએ પૂ. માની સંનિધિમાં ઉપસ્થિત રહી એવું સરસ સૌભાગ્ય તેમને ધર્યું. ધન્ય કર્યાં. આશીર્વાદ ધર્યા.

પૂ. ગુરુદેવના સ્વરૂપ સાથે પૂ. મા સ્વર્ગારોહણના પટાં-

ગણમાં પધારે છે. પૂ. માની બેઠક પૂર્વાભિમુખ છે. પૂ. માની ડાબી બાજુએ લગભગ ૧૦૦ જેટલી બહેનો બેઠી છે. તો સામે એટલા જ સાધક ભાઈઓ બેઠા છે. શ્રી નયનાબેન પૂ. મા સાથે પધારે છે ત્યારે શ્રી અજય કલોલા—માઈક ઉપર સ્વાગત કરતાં સાયકલ યાત્રાવાળી યુનિફોર્મમાં સજ્જ બહેનો ઝૂકી ઝૂકીને પૂ. મા અને શ્રી નયનાબેનનું સ્વાગત કરે છે. કોઈ રાજ્ય દર-બારની સભાની યાદ અપાવે એવું એ દૃશ્ય છે. જો કે આ આધ્યાત્મિક દરબારનાં અધિષ્ઠાત્રી તો પૂ. મા છે.

## પૂ. માનો ખાસ સંદેશ

આ પ્રસંગે પૂ. માનો લેખિત સંદેશો નીચે પ્રમાણેનો હતો.

નાનકડી ઉંમરે લગ્ન જીવનમાં પ્રવેશી જેણે બંને કુળને પ્રકાશીત કર્યા એવા શ્રી નયનાબેનના માતાપિતા શ્રી સીતા-રામભાઈ તથા શ્રી કુસુમબેનને સાચે જ પ્રભુએ પરમ ભાગ્ય ધર્યું છે—

સંતાન તો સૌને હોય છે, પણ સેવા ને સંપ, શ્રદ્ધા અને ભક્તિ સાથે સર્વક્ષેત્રે આદર્શ પ્રવૃત્તિ કરતા જ સૌને હાશ ધરતું હોય છે. તેવી હાશ ધરનારાઓની હરોળમાં શ્રી નયનાબેનનું એક આગવું સ્થાન છે.

શ્રી જગદીપ સાથે જીવન જોડાયું તો ઓઝોના શિબિર, સંનિધિપર્વ જેવા ભવ્ય અલૌકિક કાર્યક્રમો કરી અધ્યાત્મ જગત-ને સંનિધિ સુખ ધરી શકાયું.

આજે આ કુળ દીવડીનો જન્મદિન છે. જન્મદિને ખાસ ભારત આવવું ને ખાસ સ્વર્ગારોહણમાં આવવું ને તેમાં પણ આ દરિદ્ર નારાયણની હાશ પામવાનો પવિત્ર વિચાર પ્રભુની પસંદગીના જે પાત્રો હોય તેના અંતરેજ પ્રગટે—



અહીં આવ્યા તો આનંદ છે—માને આનંદ છે. માને ગૌરવ છે. આવી કુળદીવડીઓ ભારતમાં ઘેર ઘેર પ્રગટે ને સૌને પ્રકાશીત કરે.

આજના વિશેષ દિવસે આપણે સૌ આ કુળદીવડી માટે લાંબુ આરોગ્યમય સેવાથી સુગંધિત જીવન પ્રભુ આપે. આપણે સૌ શુભેચ્છા ગીત ગાઈને આપણી પ્રાર્થના પ્રભુના શ્રી ચરણે ધરીએ.

સ્વર્ગારોહણની આ ધરતી આવા સત્કર્મોથી તીર્થસ્વરૂપ ધરી-ને સૌની વંદનીય બની રહો. એ જ પ્રાર્થના. આ ભૂમિ ઉપર આ એક અલૌકિક વંદનીય યોગ શ્રી હરિએ ધર્યો છે કે દીકરી સૌને લાડીલી હોય એ રીતે અહીં જે માતાપિતા અમેરિકાથી પધાર્યા છે, તેમને પણ તેમની દીકરી અતિ પ્રિય છે. એક જ દીકરી પ્રભુએ ધરીને માતાપિતાને તો ધન્ય કરી દીધાં.

એ માતાપિતા આજે દીકરીના જન્મદિને સ્વર્ગારોહણના તીર્થક્ષેત્રે એક સત્કર્મ કરી રહ્યાં છે. સ્વર્ગારોહણના ઈતિહાસમાં આ વિરલ ઘટના છે કે પરિણીત દીકરીના જન્મદિને માતાપિતા આવું સત્કર્મ કરે.

શ્રી સીતારામભાઈ તથા શ્રી કુસુમબેનને એમના સેવાકાર્ય માટે આપણા સૌના વંદન—અભિનંદન—આભાર.

આજે એમના તરફથી દરિદ્રનારાયણને વસ્ત્ર મળશે તો એ પૂજ્યજનો એ દીપ પ્રાગટ્ય માટે ઉભા થશે.

(દેવાંશી, પવિત્રા, આદિત્ય બાળકો વતી ભેટ આપે છે.)

સંદેશાના વાંચન પછી પૂ. મા, શ્રી સીતારામભાઈ, શ્રી કુસુમબેન, શ્રી નયનાબેન, વગેરેએ દીપ પ્રકટાવી કાર્યક્રમનો પ્રારંભ કર્યો. બાળકોએ ફુગ્ગા ધરીને બ્યુગલો વગાડી આનંદનો ઉદ્‌ઘોષ કરી, શ્રી નયનાબેનને વધાવ્યાં.

આજે અહીં અનાજ અને વસ્ત્રવિતરણનો કાર્યક્રમ છે. અંબાજી આસપાસના ૩૫ કિ. મી. વિસ્તારમાંથી અસહાય ૫૦૦ પરિવારોને પસંદ કરી અનાજ (ઘઉં અને મગ) નવાં વસ્ત્ર, ટુવાલ, પ્રસાદ વગેરે આપવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમનું આયોજન સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે થઇ રહ્યું છે. તે માટેનો આર્થિક સહયોગ ધરનાર છે. કર્પૂરવનના શ્રી રમેશભાઇ ભક્ત, શારદાબેન ભક્ત, શ્રી જગદીપભાઇ ભક્ત, શ્રી નયનાબેન ભક્ત, તેમ જ શ્રી પાર્થ અને પૂજા. આ અસહાય પરિવારોને દૂર દૂર સુધી ફરીને શોધવાનું કામ શ્રી રાધાબેનની સહાયથી કર્યું છે યુવાન સાધકો શ્રી હેમલ મહેતા, શ્રી સ્નેહલ પુરોહિત, શ્રી દિવ્યેશ લેખડિયા, શ્રી નિલેશ કણજારિયા, શ્રી રાજીવ જાની વગેરેએ.

**અન્ન વસ્ત્ર વિતરણ કાર્યક્રમ**

આ કાર્યક્રમનું સંચાલન શ્રી રાજુભાઇ જાનીએ કર્યું. પૂ. માના આશીર્વાદ સાથે અનાજ, વસ્ત્રો વગેરે વિતરણનો પ્રારંભ થાય છે. શ્રી સીતારામભાઇ અને શ્રી કુસુમબેન પહેલાં બેનોને અનાજની આ થેલીઓ યુવાન બહેનોની મદદથી પ્રણામ કરી આપે છે. તો શ્રી નયનાબેન પણ તેમાં સહાયરૂપ થાય છે. બહેનોને સાડી (ચૂંદડી કે સાડી) ને ભાઇઓને ધોતી ટુવાલ, બુંદી ગાંઠિયાનો પ્રસાદ શ્રી નયનાબેનના હાથે આપવામાં આવે છે. તો શ્રી કાન્તાબેન ભોજાણી તરફથી સ્ટીલના ગ્લાસ, શ્રી બિપીનભા તિન્ના તરફથી લોટા, શ્રી વિનોદભાઇ—સરોજબેન તરફથી બિસ્કીટનાં પેકેટ તો શ્રી દીપકભાઇ મહેતા તરફથી દરેકને પ્રવાસ ખર્ચ પેટે રૂા. ૨૦ આપવામાં આવે છે. આજે અહીં જાણે સત્કર્મોનો પુષ્પગુચ્છ સરજાયો છે.



પહેલે દિવસે ૨૨૫ લાભાર્થીઓ આ કૃપાપ્રસાદ પામે છે. તો બીજા દિવસે બાકીના ૨૭૫ પરિવારોને આજ પ્રમાણેની બધી સહાય પ્રાપ્ત થાય છે.

મદદ લેનાર મોટાભાગની વ્યક્તિઓ અનાજનો આ થેલો ઉંચકવાને અશક્ત હોવાથી પૂ. માના યુવાન સાધક ભાઇ-બહેનો—પ્રેમપૂર્વક તેમનું આ વજન ઉંચકી દરવાજા બહાર પહોંચાડવાની સેવાનું કામ ખૂબ ઉત્સાહપૂર્વક કરે છે. આવી સેવાની હરિફાઇનું દશ્ય ખરે જ ખૂબ અદ્ભુત લાગે છે. સહુ સશક્ત સાધકને થાય છે કે લાવને હું પણ આ સેવામાં સાથ ધરું. તા. ૧૮ ના રોજ સહુ લાભાર્થીઓને શ્રી પન્ના તરફથી છાસની હાશ પણ માણવા મળે છે.

અંતમાં પોતાનો પ્રતિભાવ આપતાં શ્રી નયનાબેન કહે છે કે આવા ભવ્ય સ્વાગતની મને કલ્પના સુદ્ધાં ન હતી. આ કાર્યમાં આર્થિક સહાય કરતાં જે બીજી સેવાઓ સાધક ભાઇબહેનોએ આપી છે તે પણ ખૂબ મહત્ત્વની છે, તે સહુની હું આભારી છું. મારાં માતાપિતા પણ ખાસ આવ્યાં ને સત્કર્મમાં સહભાગી થવાની તત્પરતા બતાવી તે બદલ તેમની ઋણી છું. પૂ. મા, આવાં સત્કર્મો કરવામાં અમને હંમેશ નિમિત્ત બનાવતાં રહે તે માટે સહુના આશીર્વાદ માગું છું. આટલું બોલતાં શ્રી નયનાબેન ભાવવિભોર બની જાય છે.

તા. ૧૭ માર્ચની રાતની બેઠક પણ શ્રી તરલાબેન, શ્રી અરુણાબેન અને શ્રી લક્ષ્મેશભાઇ જોષીની ઉપસ્થિતિથી યાદગાર બની ગઇ.

શ્રી તરલાબેન પૂ. માનાં જ્ઞાની ભક્ત ઉપરાંત એક સહૃદયી સરળ સુંદર વ્યાખ્યાતા પણ છે. પૂ. મા પ્રત્યેનો તેમના અંતરનો

ભાવ એમની વાણીમાં હંમેશ છલકાતો રહે છે. શક્ય હોય તો લગભગ દર રવિવારે છેક અમદાવાદથી અંબાજી તેઓ પૂ. માનું થોડા કલાકોનું સાન્નિધ્ય માણવા પણ આવતાં રહે છે. આજે શ્રી નયનાબેનના જન્મદિન પ્રસંગે તેઓ બે અભિનયના કલાકારો—શ્રી ચિરાગ ત્રિવેદી અને સૌમિલ દવેને લાવ્યાં છે. બંને અંગ્રેજી વિષયમાં નિષ્ણાત હોવા છતાં સાહિત્ય અને કલાને વરેલા છે.

આજે અહીં તેઓ સાહિત્ય અને કલાને વાંચન અને અભિનયદ્વારા રજૂ કરે છે.

શ્રી ગણેશ સ્તુતિના ગાન પછી શ્રી રમેશ પારેખના કાવ્યનું પઠન ભગવાનનો ભાગ—શ્રી ચિરાગ ત્રિવેદી રજૂ કરે છે. તો શ્રી સૌમિલ દવે શ્રીકૃષ્ણ દવેનું કાવ્ય—શિક્ષણના નિયમો પરના કટાક્ષનું રજૂ કરે છે. તે પછી દાંતના દાક્તર અને દર્દીનો મૂક અભિનય સહુને પેટ પકડી હસાવે છે. પરંતુ સહુથી શિરમહોર એવી એક પાત્રી મૂક અભિનયની કૃતિ—'સુખ નામનો પ્રદેશ' શ્રી સૌમિલભાઇ ખૂબ તદ્રૂપ બનીને ભજવે છે, જેમાં સાહિત્યના નવેનવ રસની ગૂંથણી કરવામાં આવી છે, તો હરેક રસને અભિવ્યક્ત કરતો તેમનો અભિનય જીવંત બની દર્શકોને જકડી રાખે છે. સાધકો ખૂબ શાન્તિપૂર્વક આ કાર્યક્રમને માણે છે ને આવો આનંદદાયક કાર્યક્રમ આયોજીત કરવા બદલ શ્રી તરલા-બેનને અભિનંદન આપે છે.

○



## વિદ્યાર્થીઓની
# પ્રશ્નોત્તરી

**સંકલન : જ્યોત્સ્નાબેન ત્રિવેદી**

ભાવનગરની કાકડિયા બી.એડ. કોલેજના વિદ્યાર્થીઓની પૂ. મા સાથે પ્રશ્નોત્તરી. તેઓના અંગત અને સર્વસામાન્ય પ્રશ્નો કંઇક આવા હતા.

પ્રશ્ન : મારું ચિત્ત સ્થિર થતું નથી?

પૂ. શ્રી મા : પૂ. શ્રી માએ કહ્યું હમણાં આઇસ્ક્રીમ ખાધો તે નાકમાં થોડો ગયો! તે તો મોંમાં જ ગયો ને? એટલું તો ચિત્ત સ્થિર છે. તે રીતે ધીમે ધીમે થઇ જશે.

પ્રશ્ન : મા હું ખૂબ વાંચું છું છતાં મને સફળતા મળતી નથી. હું એક બે વાર નાપાસ પણ થયો છું.

પૂ. શ્રી મા : માત્ર બે વાર જ નાપાસ થયા છો? વાંધો નહિ, બાવીસ વાર થાવ ત્યાંસુધી વાંધો નહીં. દરેક નિષ્ફળતા-

નહિ. બીજું કંઇ જોવા કરતાં અહીં જ રોકાઇ જવા જેવું છે.''

વિદાય લેતા વિદ્યાર્થીઓને પૂ. માએ પ્રેમપૂર્વક કહ્યું, ''પુનઃ પધારજો.'' આવું પૂ. મા જેવાં સંત જ કહી શકે.

અમને એ વાતનો અફસોસ રહ્યો કે અમે તેઓને પૂ. માએ બનાવેલ યોગતીર્થનાં દર્શન ન કરાવી શક્યા, કારણ કે તેઓ રાત્રે દોઢેક કલાક માટે જ આવ્યા હતા, જો તેઓ એ જોઇ શક્યા હોત તો તેઓનો પ્રતિભાવ ઓર વધી જાત. પરંતુ જેવી પ્રભુની મરજી—એમ સમજી સંતોષ માન્યો.

○

માં જ સફળતા સમાયેલી છે તેમ સમજો. પ્રાર્થના કરતા રહેજો.

પ્રશ્ન : હું દરરોજ બે કલાક ધ્યાન કરું છું પણ તેમાં જેવી પ્રગતિ થવી જોઈએ, તે થતી નથી.

પૂ. શ્રી મા : પહેલા ધોરણમાં ભણીએ અને એસ. એસ. સી.નું સર્ટિફીકેટ કેવી રીતે મળે? શ્રદ્ધા રાખો. ધ્યાનનું પરિણામ પરમશાંતિ છે. હમણાં બી. એડનું ધ્યાન ધરો, હમણાં ભગવાન આપણું ધ્યાન ધરે.

પ્રશ્ન : મા, હું કોલેજમાં ફર્સ્ટ અને યુનિવર્સિટીમાં સેકંડ આવ્યો છું, છતાં મારા ધાર્યા કામ થતાં નથી. આજુબાજુના બનતા પ્રસંગો એ મને વિચલિત કરી નાંખ્યો છે.

પૂ. શ્રી મા : ભગવાન સાથે ઝગડો પણ કરી શકાય કે મારું કામ કરવા માટે બહાનાં શાનાં બતાવે છો? એને વઢાય એને વઢવું પણ ખરું.

યુવાનીમાં કોઈ ઘટના બને તો વિચલિત થઈ જવાય. હલી જવાય. પણ તેને ફલશ કરી નાંખવી. મળત્યાગ કર્યા પછી આપણે ત્યાં જોતા નથી. મનમાંથી બધી નકામી વસ્તુઓ ફલશ કરી નાંખવી.

બીજો ઉપાય દિવાસળી ચાંપવી. પાંચ પ્રસંગો હોય, તો પાંચ સાત લોકોને ભલે લાગે ખસી ગયું છે. પણ આપણે તેવું કરવું.

પ્રશ્ન : હું સામાજિક કાર્યકર છું પણ સામાજિક કાર્ય કરવામાં મને જે આનંદ આવે છે તે મંદિરમાં જવામાં આવતો નથી.

પૂ. શ્રી મા : મંદિરમાં જવું. જવાનું બંધ ન કરવું. પ્રભુને કહેવું લે આ મારા મનનો ઉકરડો અહીં ઠાલવી દઉં છું. મારી



નબળાઈઓને લઈ લેજે. મંદિરે જવું તેને આપણી આંખની શરમ નડે.

પ્રશ્ન : હું વાંચું છું ત્યારે મારું ચિત્ત સ્થિર ન થાય. થોડી વાર થાય એટલે મને બહાર જવાનું મન થાય.

પૂ. શ્રી મા : ચાલતાં ચાલતાં વાંચો. બે મિત્રો સાથે વાંચો. ચર્ચા કરો. એટલે યાદ રહી જશે. અમે એવી રીતે જ ગોલ્ડ મેડલ મેળવેલો. પોતાના વ્યક્તિગત અનુભવની વાત પૂ. માએ કરી. અમને વિશ્વાસ પણ ન હતો કે ખરેખર અમને મેડલ મળ્યો છે. પરંતુ તપાસ કરતાં તે વાત સાચી ઠરી. પરંતુ અમને એમ લાગતું કે કંઈ ભૂલથી તો ગોલ્ડ મેડલ અમને નથી અપાઈ ગયો ને?

એમ પૂ. મા વિનોદ કરતાં ઉમેરે છે.

પ્રશ્ન : હું એક સ્થાને સ્થિર બેસીને વાંચી શકતો નથી. તો શું કરું?

પૂ. મા. તો વાંધો નહિ. ફરતાં ફરતાં વાંચો. જરૂર જણાય તો પૌવા, મમરા કે શીંગચણા ફાકતા ફાકતા વાંચો. અમે પણ કદીક એમ વાંચતા.

પ્રશ્ન : અભ્યાસનું વાંચતાં કંટાળો આવે છે, સમજું છું કે વાંચવું જરૂરી છે, પણ ખાસ વંચાતું નથી તો શું કરૂં?

પૂ. મા : વિચારો કે કંટાળો કોને આવે છે? મનને આવે છે તો તેને સમજાવો કે તે કંટાળે કે ના કંટાળે, પણ વાંચ્યાવિના છૂટકો જ નથી એટલે તેને સમજાવી તેની પાસેથી કામ લો. એટલા ઉત્સાહપૂર્વક વાંચો કે પુસ્તકો પણ કંટાળી જાય.

# બી.એડ.કોલેજના વિદ્યાર્થીઓની સાથે સાથે

નારાયણ હ. જાની

તા. ૧૬–૩–૦૫ ના રોજ ભાવનગરની શ્રી કાકડિયા બી. એડ્. કોલેજના લગભગ ૬૫ જેટલા વિદ્યાર્થી ભાઈબહેનો– અને અધ્યાપકો સ્વર્ગારોહણ અંબાજીની ટૂંકી મુલાકાતે આવ્યા. સ્વર્ગારોહણની રાત્રિ બેઠકમાં તેઓની મુલાકાતને સમાવી લેવામાં આવી. તે સમયે શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદીએ સંસ્થાનો પરિચય ને આ સંસ્થાનાં પ્રાણસમાં પૂ. મા શ્રી સર્વેશ્વરીનો સંક્ષેપમાં પરિચય આપ્યો. તો શ્રી નારાયણભાઈ જાનીએ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની આધ્યાત્મિક સાધના અને તેઓના સાહિત્યસર્જનનો ટૂંકમાં પરિચય કરાવ્યો. શ્રી કલ્યાણે કહ્યું કે અહીં પૂ. માની શાળામાં શિક્ષકો પણ વિદ્યાર્થી જ છે, કારણ કે અહીં પૂ. મા જીવન શ્રેષ્ઠ રીતે કેમ જીવાય તેનું પ્રત્યક્ષ શિક્ષણ નાનામોટા સહુને આપી રહ્યાં છે.

પ્રભુપ્રાપ્તિ માટે કેવા પ્રકારની શ્રદ્ધા જોઈએ તે વિષે પૂ. શ્રી યોગેશ્વરજીના પ્રવચનની ટેપ ૧૦ મિનિટ સંભળાવી, જેથી તે મહાપુરુષની વાણીનો અલ્પ પણ પરિચય મળી રહે.

આ વિદ્યાર્થીઓ–જે ભારતના ભાવિ ઘડવૈયા બનવાના છે. તે પૂ. માના સરળ વ્યવહારથી ખૂબ પ્રભાવિત અને ખુશ થયા.

ભાવનગર યુનિવર્સીટીના ઇ. રજિસ્ટાર ડો. બી. જે. જાગાણીની સૂચનાથી તેઓ સ્વર્ગારોહણ સંસ્થા જોવા અને પૂ. મા સર્વેશ્વરીના દર્શને આવેલ.

પૂ. માએ આ ભાવિ શિક્ષકોનું ખૂબ ઉષ્માભેર સ્વાગત કર્યું



અને દરેક વિદ્યાર્થી અને તેમના પ્રવાસ આયોજક પ્રાધ્યાપકોને નીચેની વસ્તુઓની ભેટ ધરી.

૧. Steps Towards Eternity (પૂ. શ્રીની આત્મ-કથાનું અંગ્રેજી ભાષાંતર), સરલગીતા અને વંદે સદાશિવમ્‌ની કેસેટ.

વિદાય લેતાં આઈસ્ક્રીમનો કપ પણ ખરો. આ પ્રસાદી તો સહુ સાધકોને પણ શ્રી શાન્તિભાઈ કનેરિયા તરફથી મળી.

વિદ્યાર્થીઓને પૂ. માએ સમજાવ્યું કે પ્રેમમય વ્યવહાર એ બાળકના હૃદયને જીતી લેવાનું શ્રેષ્ઠ હથિયાર છે. એનો ઉપયોગ કરનાર શિક્ષક કદી નિષ્ફળ જતો નથી. અભ્યાસ સાથે જીવનનાં મૂલ્યોની જાળવણીનું શિક્ષણ પણ જરૂરી છે, તે બાળકોને સમજાવજો.

પૂ. શ્રીની દસ મિનિટની પ્રેરકવાણીમાં પૂ. શ્રીએ એ સરસ રીતે સમજાવ્યું કે ભગવાનના અસ્તિત્વ વિષે આજે માણસોને શંકા થાય છે. પરંતુ જે લોકોએ અગાઉ સાધના કરી ઈશ્વરદર્શન કર્યાં છે, તેમની વાત ઉપર આપણે પ્રારંભમાં વિશ્વાસ કરવો જોઈએ. જેમ કે આપણા અભ્યાસક્રમના એલજીબ્રામાં શિક્ષક દાખલો લખાવે ને પછી કહે, આ દાખલો કરવા માટે A=૫, ૪ કે ૩ ગમે તે ધારો. તો જ દાખલો આવે. જો ના ધારો તો દાખલો ના આવે. આમ ભગવાનના માર્ગે સાધનાના પ્રારંભમાં ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર આવશ્યક છે. નહિ તો સાધના જ નહિ થાય.

એક વિદ્યાર્થીએ જતાં જતાં કહ્યું, ‘‘અરે, અંબાજીમાં આવું સરસ જીવંત આધ્યાત્મિક સ્થાન હશે તેનો તો અમને ખ્યાલ જ

# પૂ. માના સાન્નિધ્યમાં સત્સંગનું શિક્ષણ

કલ્યાણ

પૂ. શ્રી મા અંબાજીમાં થતાં સત્કાર્યો ને સ્વર્ગારોહણને આંગણે નિમંત્રીને વધાવતા રહે છે. આ પહેલાં યજ્ઞોપવીત પ્રસંગે ભૂદેવો અને બ્રાહ્મબટુકોને આમંત્રી સંસ્કારોની સૌરભ પ્રસરાવતો સત્સંગનો કાર્યક્રમ યોજ્યો હતો. સ્વર્ગારોહણતીર્થમાં પૂ. શ્રી માના સાન્નિધ્યમાં આધ્યાત્મિક સંસ્કારો જેવા કે, પ્રાર્થના, પ્રણામ, સંકીર્તન, જપ, સ્તુતિપાઠોનો જે સ્વાધ્યાય કરાવવામાં આવે છે તેનો ખ્યાલ આપવામાં આવ્યો હતો અને બ્રાહ્મણ બટુકોને અનેકવિધ ભેટસોગાદોથી સત્કાર્યા હતા. સમગ્ર બ્રહ્મ-સમાજને પણ પૂ. શ્રી મા તરફથી વિશેષ ભેટો અને પ્રસાદ આપવામાં આવ્યો હતો.

આવો જ એક સત્સંગના શિક્ષણનો કાર્યક્રમ તા. ૨૪—૨—૦૫ ના રોજ સાંજે સ્વર્ગારોહણમાં યોજવામાં આવ્યો હતો. અંબાજીમાં બનાસકાંઠા માધ્યમિક આચાર્ય સંઘની શિબિર હતી. શિબિરના અંતે પૂ. શ્રી માએ લગભગ બસો જેટલાં આચાર્યોને સ્વર્ગારોહણમાં આમંત્ર્યા હતા અને શિક્ષણજગતના સત્સંગનો અપૂર્વ લ્હાવો પૂ. શ્રી માએ સૌને આપ્યો.

આ સત્સંગના કાર્યક્રમમાં અમદાવાદથી કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ, અને પૂ. શ્રી માના પરમભક્ત શ્રી તરલા-બેને ખાસ હાજરી આપી હતી. આ સત્સંગ બેઠકમાં શ્રી તરલા-બેને આજના શિક્ષણજગતના દુષણો તરફ ઉદાહરણો આપીને સચોટ પ્રહારો કર્યા. એટલું જ નહીં આ દૂષણો માટે કોણ કોણ કેવી રીતે જવાબદાર છે તેની આંખ ઉઘાડી નાંખે તેવી હકીકતો



રજૂ કરી. અંતે આ દૂષણો કેવી રીતે નિવારી શકાય, તેના ઉપાયો પણ સૂચવ્યા. શિક્ષણના કેન્દ્રમાં વિદ્યાર્થી હોવો જોઇએ અને અધ્યાપકને વિદ્યાર્થીપ્રત્યે પ્રેમ હોવો જોઇએ. વર્ગને સ્વર્ગ બનાવવાને બદલે તેને પૈસા કમાવાનું સાધન ન બનાવવો જોઇએ.

શ્રી અરુણાબેન કે જેઓ પણ કોલેજમાં પ્રાધ્યાપક છે અને પૂ. શ્રીના સાહિત્યપર પી.એચ.ડી. કરીને ગૌરવવંતી સિદ્ધિ મેળવી છે તેમણે પૂ. શ્રી યોગેશ્વરજીના જીવન અને કવનનો ખૂબ જ સરસ વિસ્તૃત પરિચય આપ્યો. પૂ. શ્રીના સાધનામય જીવનનો અને તેમની કલમે જે વિશાળ વાઙ્મયનો જે ફાલ નીપજ્યો છે તેનું સરસ રસપાન કરાવ્યું.

શ્રી દીપિકાબેન કે જેઓ અંબાજીમાં આવેલી આરાસુરી કન્યા વિદ્યાલયનાં આચાર્યા છે. તેઓએ સ્વર્ગારોહણમાં ચાલતી આધ્યાત્મિક અને લોકસેવાની પ્રવૃત્તિનો સરસ વિસ્તૃત અહેવાલ આપ્યો. શ્રી દીપિકાબેન આચાર્ય તો છે જ, પરંતુ તેઓ માના ભક્ત અને સ્વર્ગારોહણના સાધક પહેલાં છે. પોતે સ્વર્ગા-રોહણમાં આવી જે પરિવર્તન અનુભવ્યું, આધ્યાત્મિક સંસ્કારો-ની સુવાસથી જીવન જે રીતે મઘમઘતું બન્યું તેનો તેમના હૈયે અપાર આનંદ છે. તેઓ એક અફસોસ વારંવાર વ્યક્ત કરતાં રહે છે કે હું માની છત્રછાયામાં આટલી મોડી કેમ આવી?

પૂ. શ્રી માના સાન્નિધ્યમાં આ શિક્ષણજગતનો સત્સંગ યોજવાનું બધું જ કામ શ્રી દીપિકાબેનના ફાળે જાય છે. શ્રી દીપિકાબેનના હૈયે એક હોંશ છે કે મા જેવાં વિભૂતિ અંબાજીમાં બેઠાં છે તો સૌ પૂ. શ્રી માના શ્રી ચરણોમાં આવે અને વિશ્રાંતિ પામે. આ માટે શ્રી દીપિકાબેન સતત પ્રયાસો કર્યા કરે છે. તેમની જ શાખાના કવિહૃદય શિક્ષક શ્રી મનુભાઇ તો

ક્યારનાય સ્વર્ગારોહણના સાધક બની ગયા છે.

આ સત્સંગ સંમેલનમાં પૂ. શ્રી માના શ્રી ચરણે એક શાલ અને મીરાંબાઇની મૂર્તિ અર્પણ કરવામાં આવે છે. પૂ. શ્રી માએ આ ભેટનો સુંદર વિનિયોગ કર્યો. આ સંમેલનમાં એક જ વિદ્યાર્થી હાજર હતા કે જેણે સુંદર ભક્તિપદ ગાયું હતું તેને પૂ. શ્રી માએ આ શાલ ભેટ આપી. આચાર્યસંઘની શાલ એક માત્ર વિદ્યાર્થીને ઓઢાડીને માએ એ વિદ્યાર્થીની સંસ્કાર જ્યોત જાણે પ્રગટાવી દીધી! 'વિદ્યાર્થીદેવોભવ'નું સૂત્ર માએ જીવંત બનાવી ભેટનો ઉત્તમ ઉપયોગ કર્યો અને આચાર્યસંઘને વિદ્યાર્થીને જ કેન્દ્રમાં રાખવાની નવી દૃષ્ટિ આપી.

શ્રી મીરાંબાઇની મૂર્તિની મળેલી બીજી ભેટનો પણ પૂ. શ્રી માએ સુંદર વિનિયોગ કર્યો. શ્રી આરાસુરી કન્યા વિદ્યાલયને એ મૂર્તિ પાછી ભેટ ધરી અને કન્યાઓને આશીર્વાદ આપ્યા કે સૌ વિદ્યાર્થીનીઓની આ મીરાંની મૂર્તિ પ્રેરણામૂર્તિ બની રહો, ભેટ વસ્તુઓનો સુપાત્રે વિનિયોગ એ પણ સ્વર્ગારોહણતીર્થના યજ્ઞનો પ્રકાર જ છે. પૂ. શ્રી માના વરદ હસ્તે આવા નાનામોટા યજ્ઞો સહજ થયા જ કરે છે.

સત્સંગ સંમેલનના અંતે દોઢસો આચાર્યોને સરળગીતા, પૂ. શ્રીની જીવનકથા પ્રસાદમાં આપવામાં આવી. સાથે સાથે મા જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં બાળકોને તૃપ્તિ આપતું લંચબોક્સ તો હોય જ.

આ સત્સંગ સંમેલને એક અજબ સાત્ત્વિક માહોલ પ્રગટ કર્યો. પૂ. શ્રી મા પૂ. શ્રીની અમૃતવાણીનો રસાસ્વાદ પણ ચખાડતાં રહે છે. પૂ. શ્રીની અમૃતવાણી સાંભળીને સૌએ કૃત-કૃત્યતા અનુભવી. સંમેલનના અંતે સૌને એમ લાગ્યું કે આ



ત્રણ કલાકના જીવનને આદર્શ જીવનનું પ્રતીક બનાવવા જેવું છે. જીવનની ધન્ય ક્ષણ સૌએ અનુભવી.

શ્રી દીપિકાબેનના આ શુભ પ્રયાસને પૂ. શ્રી માએ જાણે ચાર ચાંદ લગાવી દીધા! ફોરમવંતા ફૂલ પાસે કોઇ આવે તો તે ફોરમથી પ્રફુલ્લિત બને જ ને? કાગળના ફૂલ જેવા આપણા જીવનોને એ શ્રી માતૃચરણે ધરવાથી જો ફોરવંતા બનાવી શકાતાં હોય તો એ અમૃત અવસર ચૂકવાની મૂર્ખાય કોણ કરશે?

સુમન સમાન તમારી સાથે સોહ્યા રોજ કરું,
તમોને જોયા રોજ કરું.


તમે પણ સાધનમાર્ગમાં જેમ જેમ આગળ વધતા જશો તેમ તેમ તમારા શરીરમાં પણ પરિવર્તન થવા માંડશે. —પાતંજલ યોગદર્શન

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**
**મોબાઇલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# ૧૮ માર્ચ—સાધનાનો સરસ દિવસ

**તંત્રી**

પ. પૂ. શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાયને તા. ૧૮, માર્ચ ૨૦૦૫ ના રોજ ૨૧ વર્ષ પૂરાં થયાં. શ્રી યોગેશ્વર પરિવારના બધા જ સાધક ભાઈબહેનોને મન એ દિન તેથી વિશેષ મહત્ત્વ ધરાવે તે સ્વાભાવિક છે. પૂ. માએ તે દિનને સાધકો માટે સાધનાદિવસ તરીકે પ્રસ્થાપિત કરી દીધો છે. તેઓ પોતે પણ તે દિવસે પોતાની સાધનાનો સમય વધારે છે ને કેટલોક સમય સત્કર્મની પ્રવૃત્તિઓમાં વાપરે છે. જો કે પૂ. માનું સમગ્ર જીવન જ એક સાધના ને સત્કર્મોના સાકાર સ્વરૂપ સમું બની ગયું છે. તેમનો હર શ્વાસ પૂ. ગુરુદેવ પ્રત્યેનો પોકાર, સાધકોની સમુન્નતિ કે દીનદુઃખિયાંની સહાય માટે વપરાઇ રહ્યો છે. તેથી પૂ. માએ તે દિવસ માટે આપેલ આદેશ તેમના જ શબ્દોમાં જોઈએ.

### પૂ. માનો આદેશ

આવતીકાલે ૧૮ માર્ચ. વિશેષ દિવસ સાધનાનો—સેવાનો. તપનો—જપનો—પ્રણામનો—પાઠનો—પ્રદક્ષિણાનો.

જે જે ભક્તો આવતીકાલે અહીં ખાસ ૧૮ માર્ચ માટે જ પધાર્યા છે તે જરૂર એક નિયમ લે. એ નિયમદ્વારા પ્રભુના શ્રી ચરણોની પૂજા કરી લે.

દરેક પોતાનો નિયમ કાગળમાં લખે.

**પાઠ થઈ શકે :** ગીતાપાઠ, શિવમહિમ્ન, વિષ્ણુસહસ્ર, લીલામૃત.



**વાચન થઈ શકે :** સદ્‌ગ્રંથોનું.

**પ્રદક્ષિણા થઈ શકે :** ૧૧, ૨૧, ૫૧, ૧૦૮, ૨૫૧.

**મંત્રજપ થઈ શકે :** ૧૦૦ માળા, ૨૦૦ માળા, ૩૦૦ માળા, ૪૦૦ માળા, ૫૦૦ માળા.

**ધ્યાન થઈ શકે :** ૧ કલાક, ૨ કલાક, ૩ કલાક, ૪ કલાક.

**પ્રણામ થઈ શકે :** ૧૦૮, ૨૫૧, ૫૦૦, ૧૦૦૦.

**બાવની થઈ શકે :** ૧૧ વાર, ૨૧ વાર, ૫૧ વાર, ૧૦૧ વાર.

**—મા સર્વેશ્વરી**

પૂ. માએ તે દિવસે ૫૦૦ માળા કરી ને પ્રભુને ૫૦૦ પ્રણામ કર્યા. તો ઉપસ્થિત દરેક સાધકે પણ પોતાની શક્તિ અને રુચિ પ્રમાણે જપ, તપ, સેવા, પ્રણામ અને પ્રદક્ષિણાના નિયમો લઈ પૂરા કર્યા અને રાતની બેઠકમાં તેનો હિસાબ પણ રજૂ કર્યો, જે શ્રી અજયભાઈ કલોલાએ વાંચી સંભળાવ્યો. આ લીસ્ટ બહુ લાંબુ છે, પરંતુ તેમાં ઉલ્લેખનીય ને ધ્યાન ખેંચે તેવી બાબત હોય તો નાના બાળકોએ અને કેટલાક સાધકોએ કરેલ પ્રણામો, માળાઓ, પ્રદક્ષિણા છે. તેની વિગત નીચે મુજબ છે. અને (કાંઉસમાં જે ફિગર છે તે ઉંમરના છે તે જાણશો.)

મહર્ષિ કાકા (૧૦) ૧૫૦૦, દીપુ વાસદીયા (૨૭) ૧૦૦૦, કેયૂર પટેલ (૧૪) ૩૫૧, પથિક સોમપુરા (૧૧) ૭૦૦, રીતેશ પટેલ (૧૩) ૩૩૦, દેવીશા તન્ના (૧૩) ૫૦૦, મોક્ષા જોષી (૭) ૩૩૧, શુકન ટેલર (૯) ૫૬૬, નરેશ વાધવાણી (૧૧) ૫૦૧, નિલેશ વાધવાણી (૮) ૧૧૧, વિનય પટેલ (૧૨) ૫૬૦.

તો સાધકોમાં જેમણે ઉલ્લેખનીય પ્રણામ કર્યા તેઓ છે.

ગાયત્રી જોષી (૩૫) ૨૦૦૦, કીર્તિ ભટ્ટ (૩૪) ૨૦૦૦, શ્રી અશ્વિનભાઇ કાકા (૩૧) ૧૦૦૧, યતીન કાકા (૪૦) ૧૦૦૦, મનીષ પટેલ (૨૪) ૧૧૧૧, નાથાભાઇ જાગાણી (૫૧) ૧૦૧૧, દિવ્યેશ (૨૫) ૧૦૦૦, તૃપ્તિ ઉપાધ્યાય, કેશા રાવલ અને રૂપા જાની દરેકે ૧૦૦૮, કોકિલા શાહ (૫૩) ૧૦૦૦.

આ ઉપરાંત વિશેષ મંત્રજપની માળાઓ કરનાર છે દર્શના ત્રિવેદી (૪૫) ૫૦૦, મુક્તાબેન જાગાણી (૪૮) ૫૦૧, ઈન્દુબેન મકવાણા (૫૨) ૫૦૧, મહેશ જાગાણી (૨૬) ૪૦૦, દમયંતીબેન ભક્ત (૫૪) ૨૫૦.

**કુટિયાની પ્રદક્ષિણા ૧૦૦ ઉપર કરનાર સાધકો છે.**

કોકિલાબેન શાહ, પ્રિયંકા ત્રિવેદી, સ્તુતિ હળવદિયા, માયા ભક્ત, નર્મદાબેન આકોલિયા, કલાબેન સોરઠિયા, તેજલ પુરોહિત, ઉર્વશી જાની, સરોજબેન કાકા, મનીષા જોષી, શાન્તાબેન જાની, મુક્તેશ્વરી પટેલ, કામિની, શારદાબેન પટેલ, ચાંદની સેજપાલ, કનૈયાલાલ ઝીંઝુવાડિયા, પરષોત્તમ કાલરિયા, અશોકભાઇ જાંબુચા, ઘનશ્યામભાઇ વાનાણી, વલ્લભભાઇ, બચુભાઇ પાઠક, કલ્યાણજી, જીવનભાઇ ઉકાણી, અશોક ગણાત્રા, દીલિપભાઇ પટેલ, મહેશ જાગાણી બિપિનભાઇ તન્ના, નારાયણ જાની.

તો શ્રી વિનુભાઇ અમીન, પ્રભુભાઇ તન્ના, અશોક ગણાત્રા, શ્રી પ્રભાબેન પટેલ વગેરેએ પ્રણામો ઉપરાંત ત્રણથી ચાર કલાક ધ્યાન કર્યું.

તો વળી કેટલાક સાધકોએ મંત્રજપ, પ્રણામ, પ્રદક્ષિણા, ગીતા પારાયણ, વિષ્ણુસહસ્રના અને શિવમહિમ્નના પાઠ



યથાશક્તિ કર્યા. શ્રી રાજીવ જાનીએ પૂ. ગુરુદેવના આખા લીલામૃતનું પારાયણ કર્યું, તો ઘણાઓએ જપ, પ્રદક્ષિણા, પ્રણામ ને ગીતા વગેરેના થોડા થોડા પાઠ કર્યા. લગભગ ૨૫૦ સાધકોમાં કોઇ એવું ન હતું કે જેણે—દિવસ દરમ્યાન થોડું પણ સાધન ના કર્યું હોય.

આમ કરાવવા પાછળ પૂ. માનો એક જ આશય છે કે પ્રભુપ્રાપ્તિ માટેની સાધનાને તમારી દિનચર્યાનો એક ભાગ બનાવો, તો જ જીવનમાં માનસિક શાન્તિનો અનુભવ શક્ય બનશે, જે ખૂબ જરૂરી છે. પૂ. મા એ માટે સતત ચિંતિત છે કે પ્રભુકૃપાથી સ્વર્ગારોહણતીર્થમાં ને પૂ. માના પ્રત્યક્ષ પરિચયમાં આવ્યા છો, તો રખે જીવનમુક્તિનો આવો અમૂલ્ય અવસર ચૂકી જતા! એક આધ્યાત્મિક મા જ આવી ચિન્તા કરે ને!

પૂ. માએ આજના દિનનો પ્રારંભ પ્રણામ પછી પૂ. શ્રીના વિડિયો પ્રવચનથી કરાવ્યો. ભક્તિયોગ ઉપરની પૂ. શ્રીની ઓજસ્વી વાણી, સહુ સાધકોને સ્પર્શી ગઇ. બપોર પછી ગઇકાલના બાકી રહેલા ગરીબ પરિવારોને અનાજ, વસ્ત્ર, વગેરે વિતરણમાં શ્રી નયનાબેન વગેરેને સૌ સાધકોએ સાથ પૂરાવ્યો. આમ સાધના, સત્કર્મ અને પૂ. માના દર્શનથી દિવસ પૂર્ણ થયો.

પૂ. માની ઉપસ્થિતિ વગર આ શક્ય જ ના બન્યું હોત. હે મા, અમારા રોજિંદા જીવનમાં આવું કરવાની શક્તિ ને ભક્તિ આપતાં રહેજો.

○

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

થોડાક દિવસો પછી નંદ મથુરામાં આવ્યા ત્યારે એ અવસરનો લાભ ઉઠાવીને વસુદેવે એમની મુલાકાત લીધી.

બંને મિત્રો યમુનાના પ્રશાંત તટ પરના સુંદર સદનમાં ખૂબ જ ભાવપૂર્વક ભેગા થયા ને વાતે વળગ્યા.

બંનેની પ્રસન્નતા તથા પરિતૃપ્તિનો પાર ના રહ્યો.

વસુદેવે જણાવ્યું :

'તમે મારા પર અસાધારણ અનુગ્રહ કર્યો.'

'એમાં અનુગ્રહનો કોઇ પ્રશ્ન જ નથી.' નંદે કહ્યું; 'તમને મળવાનો મારો ધર્મ છે. કંસે તમને બંનેને લાંબા વખતે કારાગૃહમાંથી મુક્તિ આપી એ જાણીને મને અતિશય આનંદ થયો ને મારું દિલ તમને મળવા માટે ઉત્સુક બની રહ્યું. આજે મને ઊંડી તૃપ્તિ થઇ. કંસે ક્રૂર બનીને તમારાં બધાં જ બાળકોને મારી નાખ્યાં એનું મને દુઃખ છે.'

'દુઃખ તો મને ને દેવકીને પણ થઇ રહ્યું છે અને આજીવન થયા કરશે. કંસે ક્રૂર બનીને ભયંકરમાં ભયંકર હત્યા કરી છે; પરંતુ એમાં મારા ભાગ્યના વિના બીજા કોને દોષ દઉં ? અમારા હૃદય પર પડેલા સુતીક્ષ્ણ ઘા જલદી નથી મટે તેવા. એ તો કાયમને કાજે તાજા રહેશે.'

એકાદ બે ક્ષણ સુધી વાતાવરણમાં શાંતિ પથરાઇ રહી.

એ પછી વસુદેવે કહ્યું:



'રોહિણી કુશળ તો છે ને ?'

'હા.' નંદે ઉત્તર આપ્યો; 'એ પુત્રવતી બની છે અને એના પુત્ર બળરામ સાથે આનંદમાં છે. એ પણ તમને મળવાની ઇચ્છા રાખે છે.'

'હું એને થોડા વખત પછી બોલાવી લઈશ. તમારો તો મારી ઉપર મોટો ઉપકાર છે. રોહિણીને આશ્રય આપીને તમે મારું હિત કર્યું છે.'

'મેં તો એક સન્મિત્ર તરીકેની મારી ફરજ બજાવી છે એટલું જ.'નંદ ગદ્ગદ બનતાં બોલી ઊઠયા; 'હું એટલાય કામમાં ના આવું તો મારા જીવનનો ને મારી મિત્રતાનો અર્થ શો ?'

નંદે થોડાક વખત પછી પૂછયું :

'મારા જીવનના મહાન ભાગ્યોદયની ખબર તમને પડી છે કે નથી પડી ?'

'ક્યા ભાગ્યોદયની ?'

'મને આટલી મોટી ઉંમરે પુત્રરત્નની પ્રાપ્તિ થઇ છે.'

'પુત્રરત્નની પ્રાપ્તિ ?' વસુદેવે વિસ્મય વ્યક્ત કર્યો.

'હા. પુત્રરત્નની પ્રાપ્તિ.' નંદના આહ્લાદનો અંત ના રહ્યો; 'એ પુત્ર ખરેખર રત્ન બરાબર છે. કોઇ પૂર્વજન્મના પુણ્યોદયના પરિણામ રૂપે જ એની પ્રાપ્તિ થઇ છે. એ એટલો બધો આકર્ષક અથવા સુંદર છે કે એને જૂઓ તો તમારું અંતર આનંદમાં ડૂબી જાય. સમસ્ત ગોકુલવાસીઓ એના અવલોકનમાત્રથી મુગ્ધ બની ગયા છે.'

'તમને એ પુત્રની પ્રાપ્તિને માટે અભિનંદન આપું છું. ઈશ્વરે તમારી ઉપર મોટામાં મોટો અનુગ્રહ કર્યો છે. એ સિવાય

એવા સુંદર સુપુત્રના પિતા થવાનું સૌભાગ્ય ના સાંપડી શકે.પરંતુ તમે એનું નામ રાખ્યું કે ના રાખ્યું ?'

'એનું નામ કૃષ્ણ રાખ્યું છે, કૃષ્ણ.'

'કૃષ્ણ ?' વસુદેવ અત્યંત ભાવવિભોર બની ગયા ને બોલ્યા; 'કૃષ્ણ નામ કોણે પાડ્યું ?'

'કેમ ? તમને ગમ્યું કે નહિ ?'

'ખુબ જ ગમ્યું. એ નામ ખુબ જ સુમધુર ને સુંદર છે.'

'બસ ત્યારે એનામાં નામ પ્રમાણેના જ ગુણ છે. એ જડ તથા ચેતન સૌનું આકર્ષણ કરે છે. સંસારના સમગ્ર રસ, સૌંદર્ય અને સારનો એનામાં સમુચ્ચય થયો હોય એવું લાગ્યા કરે છે. એને મેળવીને મારું જીવન કૃતાર્થ બની ગયું છે. બધી રીતે સુખી ને સમૃદ્ધિશાળી થયો છું.'

'તમારું સૌભાગ્ય જોઇને મને અસાધારણ આનંદ થાય છે, પણ તમારા ભાગ્યનો ઉદય થયો એથી મને મારા જ ભાગ્યોદય જેવો આનંદ થાય છે. ઈશ્વર તમને ખૂબ ખૂબ સુખી રાખે, સંપત્તિશાળી બનાવે, શાંતિ આપે,ને તમારા એ કૃષ્ણની સાથે દીર્ધાયુ કરે! આ મંગલ મુહૂર્તમાં એ જ આકાંક્ષાની અભિવ્યક્તિ કરું છું.'

વસુદેવ વધારે ના બોલી શક્યા.

એમનું અંતર અવનવા ભાવોનો અનુભવ કરવા માંડ્યું.

એમનાં લોચન ભાવવિભોર બન્યાં ને ભીનાં થયાં.

નંદની આગળ કૃષ્ણજન્મના સાચા રહસ્યનું ઉદ્‌ઘાટન કરવાની આકાંક્ષા એમને ના થઈ. એની આવશ્યક્તા એમને ના જણાઈ. એટલે એ રહસ્ય એમણે ગુપ્ત જ રાખ્યું.

વિદાય વખતે એમણે નંદને કહ્યું :



'કોઈ વાર કૃષ્ણને લઇ ને અહીં આવી પહોંચજો.મને ગમશે.'

'ભલે.' નંદે જણાવ્યું : 'પણ તમે પણ ગોકુલમાં આવજો. મારું આમંત્રણ છે.'

'અત્યારે કંસના ગુપ્તચરો બધે ફરી રહ્યા છે ને મારી બધી પ્રવૃત્તિઓનું ધ્યાન રાખી રહ્યા છે એ સંજોગોમાં મારું બહાર ફરવું હિતાવહ નથી લાગતું. ભવિષ્યમાં સંજોગો સાનુકૂળ થતાં તમારે ત્યાં આવવાનો ખ્યાલ રાખીશ. મને પણ કૃષ્ણને રમાડવાની ઈચ્છા થઈ રહી છે, પરંતુ એ ઈચ્છાને હાલ પૂરતી રોકી રાખવી પડશે.' પ્રજા ત્રાસી ગઈ છે.એ તમારા જેવા ઉંચ્ચ માર્ગદર્શકની ઈચ્છા કરે છે. તમે એનું પથપ્રદર્શન કરો અથવા નેતૃત્વ સંભાળો એ જરૂરી છે.'

'એવું નેતૃત્વ મેં કંસના કારાગૃહમાં કેદ થતાં પહેલાં સંભાળેલું. પ્રજાને પથપ્રદર્શન કરવાનો પ્રયત્ન પણ કરેલો. એ વાતને વરસો વીતી ગયાં છે અને એ દરમિયાન પરિસ્થિતિ પણ પૂરતા પ્રમાણમાં પલટાઈ ચૂકી છે. મને ચોક્કસપણે સમજાયું છે કે કંસ એનાં કુકર્મોના પરિણામે જ નાશ પામશે.એનો નાશ કોઈ દૈવી શક્તિ દ્વારા જ થઈ રહેશે; મારા કે બીજા કોઈ સામાન્ય માનવના નેતૃત્વથી નહિ થાય.'

'પરંતુ એવી દૈવી શક્તિ ક્યાં મળે ?'

'એનો જન્મ થઈ ચૂક્યો છે એવું મને અંતરમાંથી લાગ્યાં કરે છે. સુયોગ્ય સમય પર એ શક્તિનું અથવા દિવ્યશક્તિસંપન્ન વ્યક્તિનું પ્રકટીકરણ જરૂર થશે. એ લોકહિતાર્થ કામ કરશે. કંસને એ વાતની માહિતી છે.'

(ક્રમશઃ)